
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH




Vol-2 * Issue-8

JUNE-2002

જેઠ

જુન-૨૦૦૨

આત્મ સંવત : ૧૦૬

વીર સંવત : ૨૫૨૮

વિક્રમ સંવત : ૨૦૫૮

પુસ્તક : ૯૯


दोषदर्शनमन्येषां कदमस्पर्शनं खलु ।
गुणदर्शनमन्येषामात्मदर्शनभूमिका ।।

*

બીજાના દોષ જોવા એ એના કાદવને ચુંથવા જેવું છે અને બીજાના ગુણનું દર્શન એ આત્મદર્શનની ભૂમિકા છે. ૨.

*

Finding faults with others is tantamount to sporting in their dirt; and appreciating the virtues of others is, indeed, the way to the realization of the soul. 2

*(કલ્યાણભારતી ચેપ્ટર-૯ : ગાથા-૨, પૃષ્ઠ-૧૮૮)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ

## અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | નિન્દા | | ૧ |
| (૨) | અહંકાર અજ્ઞાનનું મૂળ : જ્ઞાન અને અનુભવ સાથે મળે ત્યારે ભીતરના દ્વાર ખુલી જાય છે | મહેન્દ્ર પુનાતર | ૨ |
| (૩) | અષ્ટાપદ–કૈલાસ માનસરોવર યાત્રા (૨) | કાંતિલાલ દીપચંદ શાહ | ૫ |
| (૪) | પ્રાતઃ કાળે ભગવાન આદિનાથનું સ્મરણ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૯ |
| (૫) | શ્રેષ્ઠ કોણ ? | | ૧૧ |
| (૬) | મૃગ સુંદરીની કથા | | ૧૪ |
| (૭) | સહૃદયતા અને સહાનુભૂતિ | સ્વ. લક્ષ્મીચંદભાઈ છ. સંઘવી | ૧૭ |
| (૮) | ધ્યેય પ્રાપ્તિ | આ.શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા. | ૧૮ |
| (૮) | બોલતાં પહેલાં ખૂબ વિચારો | મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા. | ૧૯ |
| (૯) | પ્રારબ્ધ અને પુરુષાર્થ | પં. શ્રી કનકવિજયજી ગણિ | ૨૧ |



### * ભાર નથી સહન થતો *

એકદમ નમી ગયેલી પૃથ્વીને કો'કે પૂછ્યું, 'તું આટલી બધી નીચી કેમ નમી ગઈ છે? હજારોની સંખ્યામાં તારા શરીર પર ખડકાયેલા પર્વતોનો તને ભાર લાગ્યો છે? કે પછી કરોડોની સંખ્યામાં તારા શરીર પર તોતીંગ ઈમારતો ખડકાઈ છે એનો તને ભાર લાગ્યો છે?'

'ના રે ના...પર્વતો કે ઈમારતોના ભારથી નમી પડું એવી હું નમાલી કે કમજોર નથી...હજુ પણ બીજા હજારો પર્વતો કે લાખો ઈમારતોના બોજાને આસાનીથી વહન કરી શકું એટલી મારી તાકાત છે, પરંતુ હું અત્યારે નમી ગયેલી દેખાઉં છું તેનું કારણ એ છે કે 'વિશ્વાસઘાતી અને કૃતઘ્નીનો ભાર મારાથી સહન થઈ શકતો નથી!'

લાખો રૂપિયા રાખીને દેવાળું કાઢનારા વિશ્વાસઘાતીઓએ....અને પોતાના પર ઉપકાર કરનાર, મા–બાપ, ગુરુવર્યો વગેરે પ્રત્યે કૃતઘ્ન બનનારાઓએ આ દૃષ્ટાંત સદાય નજર સામે રાખવા જેવું છે....એ લોકોનાં પાપો આ પૃથ્વીને ભારે બનાવી રહ્યા છે...

*(વાર્તા રે વાર્તા પુસ્તકમાંથી સાભાર)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

**શ્રી જૈન આત્માનંદ સભા**

ભાવનગરનું મુખપત્ર

**શ્રી આત્માનંદ પ્રકાશ**

તંત્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ

ફોન : ઓ. ૫૧૬૬૦૭ ઘર : ૫૬૩૬૪૫

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ખોડિયાર હોટલ સામે,

ખાંચામાં, ભાવનગર-૩૬૪૦૦૧

ફોન નં. (૦૨૭૮) ૫૨૧૬૯૮

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૧=૦૦

સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૧=૦૦

**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

ટાઈટલ પેઈજ આખું રૂા. ૫૦૦૦=૦૦

આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦

અર્ધુ પેઈજ રૂા. ૧૫૦૦=૦૦

પા પેઈજ રૂા. ૧૦૦૦=૦૦

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાનખાતુ, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

: ચેક ડ્રાફ્ટ :

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના નામનો લખવો.

**સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ—પ્રમુખ
(૨) દિવ્યકાંત એમ. સલોત—ઉપપ્રમુખ
(૩) જશવંતરાય સી. ગાંધી—ઉપપ્રમુખ
(૪) મનહરલાલ કે. મહેતા—મંત્રી
(૫) ચંદુલાલ ધનજીભાઈ વોરા—મંત્રી
(૬) ચીમનલાલ વર્ધમાન શાહ—મંત્રી
(૭) હસમુખરાય જે. હારીજવાળા—ખજાનચી

## ❀ નિન્દા ❀

કર્માધીન છે સંસારી જીવ,
નિન્દા કોઈની ન કરશો રે;
નિન્દા કરતાં નીચપણું છે,
શિક્ષા દિલમાં ધરજો રે,
કર્મા....

તરતમયોગે દોષી દુનિયા,
કરશો તેવું ભરશો રે;
નિન્દક જન ચંડાલ સમો છે,
નિન્દાને પરિહરશો રે;
કર્મા....

પોતાનામાં દોષ ઘણાં છે,
તેને કોઈ ન દેખે રે;
પરનાં ચાંદા ખોળે પાપી,
સદ્‌ગુણ દૃષ્ટિ ઉવેખે રે;
કર્મા....

નિન્દકની દૃષ્ટિ છે અવળી,
પરને આળ ચઢાવે રે;
પોતે સારો પરને ખોટો,
કહેવામાં તે ફાવે રે;
કર્મા....

ત્રિયોગે નિન્દક જન પાપી,
પરનું ભૂંડું ધારે રે;
બુદ્ધિસાગર સદ્‌ગુણ દૃષ્ટિ,
ધારી દોષ નિવારે રે;
કર્મા....

❀

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અહંકાર અજ્ઞાનનું મૂળ : જ્ઞાન અને અનુભવ સાથે મળે ત્યારે ભીતરના દ્વાર ખુલી જાય છે

—મહેન્દ્ર પુનાતર

ભગવાન મહાવીરે કહ્યું છે કે ''જ્ઞાની પુરુષે સંસાર ભ્રમણના કારણરૂપ દુષ્કર્મ—પાપોનો સારી રીતે વિચાર કરી પોતાની મેળે સ્વતંત્ર રીતે સત્યની શોધ કરવી જોઈએ અને પ્રાણીમાત્ર સાથે મૈત્રી ભાવ રાખવો જોઈએ. સંપૂર્ણ જ્ઞાનના પ્રકાશથી, અજ્ઞાન અને મોહના ત્યાગથી તેમજ રાગ અને દ્વેષના ક્ષયથી એકાંત સુખકારી મોક્ષપદ પામી શકાય છે.'

દરેક માણસે પોતાના જ્ઞાનથી, પોતાના અનુભવથી સત્યની શોધ કરવી જોઈએ. આમાં બીજાનું જ્ઞાન અને બીજાનો અનુભવ કામ આવે નહીં. બીજાનું સત્ય એ આપણું સત્ય નથી. જ્ઞાન વગર જીવનમાં પ્રકાશ આવે નહીં. આત્મચેતના અને જાગૃતિ માટે વૈચારિક સ્વતંત્રતા, નિર્ભયતા અને સાચુ બોલવાની હિંમત અને શક્તિ અત્યંત જરૂરી છે. માણસ જાતજાતના વિચારો કરે છે. મનમાં એક હોય, વાણીમાં બીજું અને વર્તનમાં ત્રીજું. આમ વિચારોના વમળો ચાલ્યા કરે છે. મનમાં જે સાચી વાત હોય એ કેટલીક વખત વાણીમાં પ્રગટ થઈ શકતી નથી અને વર્તનમાં ઉતારવાનું તો અતિ કઠિન હોય છે. માણસ મોટેભાગે પોતાની રીતે વિચારતો નથી. બીજાનું અનુકરણ કરે છે. મોટો સમૂહ જે તરફ જતો હોય એ તરફ ઘસડાયા કરે છે.

**જેટલું જ્ઞાન અને જેટલો અધિકાર હોય તેટલું જ બોલવું અને કરવું જોઈએ.**

માણસ જયાં સુધી સ્વતંત્રપણે વિચાર કરે નહીં ત્યાં સુધી તેને બીજાના વિચારોને આધિન રહેવું પડે છે. ભગવાન મહાવીરે કહ્યું કે, 'સમયમ્ ગોયમ્ માં પવામ્' હે ગૌતમ એકપણ ક્ષણનો પ્રમાદ કરીશ નહીં. અહીં પ્રમાદનો અર્થ વિચારવિહીન દશા છે. આમાં પ્રતિક્ષણ જાગૃતિની વાત છે. માણસે હંમેશા વિચારશીલ અને જાગૃત રહેવું જોઈએ. સ્વતંત્ર અભિવ્યક્તિ અને નીડરતા ન હોય તો માણસનો આંતરિક વિકાસ રુંધાઈ જાય. તેનામાં ચેતના સ્ફુરે નહીં, હિંમત પ્રગટે નહીં, તે લાચાર અને અસહાય બની જાય. માણસ દરેક પ્રશ્નને સાચી દૃષ્ટિથી મૂલવી શકે એ અત્યંત જરૂરી છે પછી એ વાત ધર્મની હોય, સમાજની હોય, પૈસાની હોય, કલાની હોય કે વહીવટની હોય પરંતુ બિનજરૂરી રીતે બીજાથી પ્રભાવિત બની જવાનું કે અંજાઈ જવાનું કે લઘુતાગ્રંથી ઊભી કરવાનું જરૂરી નથી. માણસ જ્ઞાન, બુદ્ધિ અને પરિશ્રમ દ્વારા આ બધું મેળવી શકે છે. મોહિત અને મૂર્છિત માણસો ગતિ કરી શકતા નથી. તેઓ મોહમાં અને લોભમાં અંધ બની જાય છે.

માણસના જીવનમાં સાચું જ્ઞાન અને સાચી સમજણ જરૂરી છે. સ્વયંના અનુભવ વગરનું જ્ઞાન પણ નકામું બની જાય છે. જીવનમાં એકલો અનુભવ કામ આવતો નથી અને એકલું જ્ઞાન પણ કામ આવતું નથી. જ્ઞાન અને અનુભવ સાથે મળે છે ત્યારે ભીતરના દ્વારો ખુલી જાય છે. આ જગતમાં જેટલું જાણી શકાયું છે અને જેટલું ભવિષ્યમાં જાણી શકાશે તે મનુષ્યની ભીતરમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડેલું છે અને મનુષ્ય દ્વારા જ તે જાણી શકાશે.

કેટલાક માણસો જાણે કે ન જાણે પણ પોતાને જ્ઞાની સમજતા હોય છે. આ માણસનો અહંકાર છે. અહંકાર એ અજ્ઞાનનું મૂળ છે. હું જાણતો નથી, અજ્ઞાની છું એમ કહેવું બહુ મુશ્કેલ છે એટલે દરેક માણસ એમ સમજે છે કે તેના જેવો સમજદાર માણસ કોઈ નથી. આવા માણસો વાતવાતમાં ડાહ્યા થતાં હોય છે. કોઈ બાબતમાં સમજે કે ન સમજે પણ માથું મારતા હોય છે. આવા માણસો અધકચરી સમજણના કારણે વાતનું વતેસર કરી નાખતાં હોય છે અને સમગ્ર વાતને ગૂંચવી નાંખતા હોય છે. સમાજમાં આવા માણસોનો તોટો નથી. તેઓ ગમે તે બાબતમાં પોતાનું ડહાપણ ડોળતા હોય છે અને પોતાનો કક્કો સાચો છે એવું ઠેરવવા પ્રયાસ કરતા હોય છે. મને ખબર નથી, હું જાણતો નથી એમ કહેવામાં માણસને શરમ આવે છે. કેટલાક માણસો પોતે જાણકાર છે, સમજદાર છે, અનુભવી છે એવું સાબિત કરવાનો પ્રયાસ કરતાં હોય છે પરંતુ છેવટે તેનું પરિણામ સારું આવતું નથી. ક્યાંક ને ક્યાંક તમારી નબળાઈ છતી થઈ જવાની છે એના કરતાં નિખાલસ રીતે હું જાણતો નથી એમ કહી દેવામાં ડહાપણ રહેલું છે. દરેક બાબતમાં જેટલું જ્ઞાન હોય અને જેટલો અધિકાર હોય તેટલું જ બોલવું અને કરવું જોઈએ. જ્યાં આપણું ક્ષેત્ર ન હોય, જ્ઞાન ન હોય, અધિકાર ન હોય ત્યાં ડહાપણ ડોળવા જઈએ તો મૂર્ખામાં ખપીએ. ડોકટરના વિષયમાં વકીલ માથું મારે અને વકીલના વિષયમાં ડોકટર માથું મારે તો પરિણામ શું આવે? કેટલાક માણસો એમ માનતા હોય છે કે, આ તેમનો અધિકાર છે અને વણમાગી સલાહ આપવા બેસી જતા હોય છે. સલાહ એવી વસ્તુ છે જે આપવી ગમે છે લેવી ગમતી નથી. જ્યાં આપણો અધિકાર ન હોય, જ્ઞાન ન હોય અને પૂરતી સમજ ન હોય એ બાબતમાં માથું મારવાથી કેવું ઊંધુ પરિણામ આવે છે તે અંગે એક નાની કથા સમજવા જેવી છે.

એક ધોબીને ત્યાં કૂતરો અને ગધેડો રહેતા હતા. ધોબી તેમને પૂરતું ખાવાનું આપતો નહોતો. કૂતરાંએ ઘણાં વર્ષો સુધી વફાદારી બતાવી પણ ફળ કાંઈ મળ્યું નહીં. એક રાતે ધોબીના ઘરમાં ચોર ઘુસ્યા. કુતરાંએ ભસવું જોઈએ પરંતુ તે ભસ્યો નહીં. તેની બાજુમાં રહેલો ગધેડો કૂતરાંને કહેવા લાગ્યો ‘ચોર આવ્યા છે ભસીને માલિકને જગાડ.’ કૂતરાંએ કહ્યું તે મને પુરું ખાવાનું આપતો નથી તેથી હું ભસીશ નહીં. ગધેડાએ ઘણું સમજાવ્યું પણ કુતરો એકનો બે ન થયો. ગધેડાએ કહ્યું: ‘તું નહીં ભસે તો મારે મોઢું ખોલવું પડશે.’ કૂતરાએ કહ્યું : ‘જેવી તારી મરજી’ અને માલિકને જગાડવા માટે ગધેડાએ ભૂકવાનું શરૂ કર્યું. દિવસભરનો થાકેલો ધોબી ભર ઊંઘમાં હતો. ગધેડાના જોરજોરથી ભૂકવાથી તેની ઊંઘમાં ખલેલ પડી. તે ધોકો લઈને ઉઠ્યો અને ગધેડાના હાડકાં ખોખરા કરી નાંખ્યા. ચોરે ચોરનું કામ કર્યું. અને ગધેડાને માર પડ્યો.

કોઈપણ બાબતમાં વગર અધિકારે માથું મારવાથી અને ડહાપણ ડોળવાથી માનહાનિ થાય છે, પ્રતિષ્ઠા ઘટે છે અને જશને બદલે જૂતા મળે છે.

*(મુંબઈ સમાચાર તા. ૨૪-૬-૨૦૦૧ના જિનદર્શન વિભાગમાંથી સાભાર)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચંચળ ચિત્ત

મિત્રો ! આપણું મન કેવા પ્રકારનું છે તે તમે જાણો છો ? આપણું મન એ સ્પ્રીંગવાળી ગાદી જેવું છે. જ્યાં સુધી સ્પ્રીંગવાળી ગાદી ઉપર તમે બેસી રહો, ત્યાં સુધી એ ગાદી દબાયેલી રહે છે. પરંતુ ઊભાં થતાની સાથે જ એ ઉછળી પડે છે.

આપણું મન પણ જ્યાં સુધી સંત-સમાગમ કે સારી પ્રવૃત્તિ કરે છે ત્યાં સુધી દબાયેલું રહે છે. પરંતુ સંત-સમાગમ છૂટતાં જ શુભભાવના અદૃશ્ય થઈ જાય છે અને પહેલાંના જેવું જ મન બની જાય છે, માટે મન સતત સારા વિચારોમાં જોડાયેલું રહે, એવા કાર્યો કરીએ.

❀

ન ધરા સુધી, ન ગગન સુધી,
નહિ ઉન્નતિ ન પતન સુધી;
અહીં તો આપણે જવું છે,
ફક્ત એક મેકના મન સુધી.

❀

**SHASHI INDUSTRIES**

SELARSHA ROAD, BHAVNAGAR-364001

PHONE : (O) 428254-430539

❀

Rajaji Nagar, BALGALORE-560010

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અષ્ટાપદ–કૈલાસ માનસરોવર યાત્રા (૨)

*યાત્રિક : કાન્તિલાલ દીપચંદ શાહ*

**યાત્રા તૈયારી :** શ્રી આદેશ્વરદાદાની નિર્વાણ ભૂમિની સ્પર્શના કરવાનો વિચાર થઈ ગયો હશે. કૈલાસ માનસરોવર ચીનની હદમાં આવેલ હોવાથી યાત્રા વિષે અગાઉથી જાણવું જરૂરી છે. ઈ.સ.૧૯૬૨ પહેલાં આ યાત્રા એકલદોકલ ધાર્મિક મુસાફરો કરતાં હતાં. અને કેટલીક વખત ઋષિ, મુનિઓની સાથે સંઘ સ્વરૂપે ૨૦ થી ૨૫ ભક્તો યાત્રા કરતાં હતાં. ત્યારે તિબેટ સ્વતંત્ર હોવાથી યાત્રા માટે પરવાનગીની જરૂર ન હતી. હવે ચીન સરકારની પરવાનગી લેવી પડે છે.

કૈલાસ માનસરોવરની યાત્રા - બે તરફથી થાય છે.

**(૧) ખાનગી સંચાલિત :** દિલ્હીથી નેપાળ ખટમંડુ થઈને કૈલાસ.

**યાત્રા દિવસ :** ૧૫, ખર્ચ રૂા. ૧,૦૦,૦૦૦=૦૦

**(૨) સરકાર સંચાલિત :** દિલ્હીથી અલમોડા, નૈનીતાલ થઈને કૈલાસ.

**યાત્રા દિવસ :** ૩૦, ખર્ચ રૂા. ૬૦,૦૦૦=૦૦

સરકાર સંચાલિત યાત્રા માટે ત્રણ તબક્કામાંથી પસાર થવું પડે છે. (૧) અરજી (૨) અરજીની સ્વીકૃતિ અને (૩) દાક્તરી તપાસ. કૈલાસ માનસરોવર યાત્રા જુનથી સપ્ટેમ્બર આ ચાર મહિનામાં જ યોજાય છે. યાત્રાએ જવા માટે ભારત સરકાર તરફથી દરેક ભાષાના અગ્રણી સમાચાર પત્રોમાં જાહેરખબર દ્વારા અરજી પત્રકનો નમૂનો પ્રકાશિત કરે છે અને દૂરદર્શન ઉપર પ્રસારિત કરે છે. અરજી કોરા કાગળ ઉપર કરવાની હોય છે. અને તેની સાથે ફેમીલી દાક્તરનું સર્ટીફીકેટ કે જેમાં લખેલું હોવું જોઈએ કે યાત્રીક ૧૯,૨૫૦ ફૂટની ઉંચાઈએ જવા શારીરિક રીતે સજ્જ છે. આ અરજી વિદેશ મંત્રાલયને મોકલવાની હોય છે. આખા દેશમાંથી આવેલી અરજીઓમાંથી લોટરી પદ્ધતિથી ૫૦૦ થી ૬૦૦ યાત્રિકોને પસંદ કરવામાં આવે છે. ૬૦૦ અરજીઓ આવે છે. પસંદ કરેલા યાત્રિકોને તારથી જાણ કરવામાં આવે છે. જો યાત્રિકની યાત્રા કરવાની ઈચ્છા હોય તો કુમાઉ વિકાસ મંડળ નિગમ–નૈનિતાલને રૂા. ૨૦૦૦=૦૦ નો ડ્રાફ્ટ મોકલવાનો હોય છે. જે રકમ કોઈપણ સંજોગોમાં પાછી આપવામાં આવતી નથી. યાત્રિકોની એક બેન્ચમાં ૩૫ એવી ૧૬ બેન્ચ પાડવામાં આવે છે. સરકાર તરફથી યાત્રાના નીતિ–નિયમોની બુક મળે છે તેમાં જણાવવામાં આવ્યું હોય છે કે દીલ્હી આવો ત્યારે નીચે મુજબના મેડીકલ રીપોર્ટ લઈને આવવું. આ મેડીકલ રીપોર્ટ આ મુજબના હોય છે. હીમોગ્રામ, યુરીન, સ્ટુલ, બ્લડયુરિયા, ચેસ્ટ એક્સરે, ટ્રેડમીલ ટેસ્ટ આ બધા રીપોર્ટ જોઈને ઈન્ડિયન તિબેટ બોર્ડરના ડોકટરો દરેક યાત્રીકનું મેડીકલ ચેકઅપ કરે છે. તેમાં ખામી જણાય તો ફરીથી રીપોર્ટ કરાવવાનું કહેવામાં આવે છે. જો તે રીપોર્ટથી સંતોષ ન થાય તો યાત્રિકને યાત્રા કરવાની પરવાનગી આપવામાં આવતી નથી, અને તે યાત્રિક યાત્રા કરી શકતો નથી. આજ રીતે યાત્રાના આઠમા દિવસે ગુંજી પાસે ફરીથી મેડીકલ ચેકઅપ કરવામાં આવે છે. યોગ્ય લાગે તો જ આગળની યાત્રાની પરવાનગી આપવામાં આવે છે. યાત્રિકને અડધેથી પણ પાછા આવવું પડે છે. આવા કિસ્સા પણ બને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યાત્રા માટે ચીનના પ્રદેશમાં જવાનું હોય છે. જેથી ચાઈનીઝ વીઝા માટે ૬૦૦, ડોલર અને વાપરવાના ૧૫૦ ડોલર (રૂા. ૩૭,૫૦૦) બેન્કમાંથી લેવા પડે છે. ગુજરાત સરકાર તરફથી યાત્રા પુરી થયે રૂા. ૨૦,૦૦૦=૦૦ની સબસીડી આપવામાં આવે છે. તથા એક કીટ આપવામાં આવે છે. જેમાં વીન્ડચીટર, મંકી કેપ, ગરમ મોજાં, લાકડી, જરૂરી દવા, વોટર બોટલ અને પૂજાનો સામાન હોય છે.

કૈલાસ માનસરોવર ૧૬૦૦૦ થી ૧૯૦૦૦ ફૂટની ઉંચાઈ પર આવેલું છે. એટલે પહાડોની આબોહવાનો ભરોસો ન રાખી શકાય. જેમ જેમ ઉંચાઈ પર જઈએ તેમ તેમ ઠંડીનું પ્રમાણ વધે છે. શ્વાસ લેવામાં તકલીફ પડે છે. ક્યારેક હીમવર્ષા થાય, વાવાઝોડું આવે, બપોરના સમયે ગરમી પણ લાગે. આ વાતાવરણને અનુકૂળ કપડાં, હવા અને ખાવા–પીવાની વસ્તુઓ કેટલી અને કેમ લેવી તે બુકમાં જણાવવામાં આવ્યું હોય છે.

પહાડ ચડવાની ટેવ પાડવા તથા ઉંચાઈ પર પાતળી હવાને કારણે શ્વાસ લેવામાં મુશ્કેલી ન પડે માટે બે–ત્રણ મહિના અગાઉથી ૫ થી ૧૦ કી.મી. ચાલવાની પ્રેક્ટીસ કરવી જરૂરી છે. ગુજરાતીઓ માટે ખાસ કરીને મસાલાવાળા ગાંઠીયા, ચવાણું, પુરી, ગોળપાપડી, સૂંઠની ગોળીઓ લઈ જવી. આપણા ગાંઠીયા તથા ફરસાણ બીજા પ્રાંતના યાત્રિકોને બહુ જ સ્વાદીષ્ટ લાગે છે. આ બધું મળીને ૨૫ કીલોથી વધારે સામાન લઈ જવા દેવામાં આવતો નથી. યાત્રાના નીચેના સ્થળોએથી ફોન કરવાની સગવડતા છે. જેવા કે ધારચુલા, ગુંજી, તાકલાકોટ અને કૈલાસની તળેટી દારચેન. ફોટોગ્રાફી અને વિડીયો ઉતારવાની છૂટ છે.

હિમાલયમાં આવેલા પવિત્ર સ્થળો જેવા કે બદ્રીનારાયણ, કેદારનાથ, અમરનાથ, વૈષ્ણોદેવીની યાત્રા કર્યા પછી પવિત્ર ભૂમિ કે જયાં સેંકડો ઋષિમુનિઓના પવિત્ર પગલાંથી પાવન થયેલ કૈલાસ માનસરોવરની યાત્રા કરવાનો વિચાર ઘણાં સમયથી કરેલો તે છેક ઓગષ્ટ–૬–૧૯૯૯ના રોજ ભારત સરકાર તરફથી યાત્રાનું આમંત્રણ આપતો તાર મળતા ફળીભૂત થયો. યાત્રાનું આમંત્રણ મળતા ખૂબ જ રાજી થયો. જે લોકો યાત્રા કરી આવેલા તેઓની પાસેથી વિશેષ માહિતી મેળવી. ભાવનગરમાં મેડીકલ ચેકઅપ કરાવતાં ચેસ્ટ એક્સ રેમાં ખામી આવેલ. ડોકટરોએ અતિ દુર્ગમ યાત્રા ન કરવાની સલાહ આપી. એક ભાઈ કહે કે એક્સ રે સિવાયના બધા રીપોર્ટ સારા આવેલ એ તો એક્સ રે બદલાવી નાંખીએ. મેં ના પાડી કારણકે ઈશ્વરના દરબારમાં ખોટું બોલીને નથી જવું. ઈશ્વરની ઈચ્છા દર્શન દેવાની હશે તો વાંધો નહિ આવે.

૨૬મી ઓગષ્ટે સઘળી તૈયારી કરીને તથા ભાવનગર અને અમદાવાદ મળવા આવેલા કુટુંબના સભ્યોના આશીર્વાદ સાથે સૌને અલવિદા કરીને અમદાવાદથી આશ્રમ મેઈલ દ્વારા સવારે દિલ્હી પહોંચી સીધો જ અશોક હોટલમાં ગયો. જયાં યાત્રિકો માટે રૂમો બુક કરાવેલી હતી. અશોક હોટલના કાઉન્ટર પર ગયો ત્યાં જ એક ગુજરાતી યુવાન પણ પૂછપરછ કરી રહ્યો હતો. તે યાત્રામાં આવવાનો છે તે જાણી હું ખૂશ થયો. શુભ શુકન થયા અને જાણ્યું કે યાત્રા સફળ થશે. સાવ અજાણ્યા સ્થળે આવવાની સાથે જ એક સૂત્ર સંધાઈ ગયું. જે અત્યાર સુધી ચાલુ છે. યુવાનની પત્ની તથા તેના મિત્રો મુકવા આવેલા તેઓને પણ શાંતિ થઈ કે દાદા સાથે છે માટે યાત્રામાં તકલીફ નહિ પડે. સાંજે ગ્રુપ મીટીંગ થઈ અને એકબીજાની ઓળખાણ થઈ.

બીજે દિવસે સવારે ભારત સરકારના વિદેશ વિભાગમાં લઈ ગયા. પ્રારંભિક સૂચનાઓ આપી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસપોર્ટ, રીપોર્ટ વિગેરે તપાસ્યા તથા યાત્રામાં રહેવા તથા જમવા માટેના ખર્ચ પેટે રૂા. ૭૦૦૦=૦૦, જમા કરાવ્યાં. ચા–નાસ્તો કરીને છૂટા પડ્યા. બપોરે મેડીકલ ચેકઅપ માટે ગયા. મારો વારો આવતા રૂમમાં દાખલ થયો કે તરત જ ડોકટરો કહે કે તમારામાં હિમોગ્લોબીન બહુ જ ઓછું છે અને શરીર પણ અશક્ત છે. મેં કહ્યું કે આજ પરિસ્થિતિમાં મેં ઘણી યાત્રાઓ કરી છે તો કહે કે તમોને તો વાંધો આવતા આવશે પણ મને પહેલાં વાંધો આવે. વારંવાર વિનંતી કરતાં ડોકટર કહે કે એક્સ રે તથા ટ્રેડમીલ ટેસ્ટ ફરીથી કરાવી આવો. બીજી વખતના સારા ટેસ્ટ જોઈને વિચારમાં પડી ગયા. તેઓ તેમના ઉપરી સાહેબ પાસે ગયા. પાછા આવીને કહે તમે કોઈ એમ.ડી. ડોકટરને બતાવી આવો. એમ.ડી. ડોકટર ખરેખર ઈશ્વરના ફરીસ્તા નીકળ્યા. શારીરિક તપાસ કર્યા પછી કહે કે તમો યાત્રા માટે સંપૂર્ણ સજ્જ છો. સર્ટીફીકેટ લખી આપ્યું કે કાંતિભાઈ યાત્રા કરવા માટે સજ્જ છે અને યાત્રા કરી શકે તેમ છે. દવા લખી આપી. ડોકટરને રીપોર્ટ બતાવતા રાજી થઈ ગયા અને યાત્રા માટે પરવાનગી આપી અને Best oF Luck કહ્યું. આ લખવાનું કારણ એ છે કે મેડીકલ ટેસ્ટમાં પાસ થવું સહેલું નથી. બીજા બે યાત્રીઓ કે જેમને બી.પી. તથા ડાયાબીટીસની તકલીફ હતી તેઓને યાત્રામાં જવાની પરવાનગી જ ન આપી. મને પાસ થયેલ જાહેર કર્યો આખું ગ્રુપ રાજી થઈ ગયું.

અમારા ૧૫ નંબરના ગ્રુપમાં ૨૧ પુરુષો તથા ૬ બહેનો હતા. ઉંમર ૨૫ થી ૭૨ વર્ષના હતા. યાત્રિકો ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, તામીલનાડુ, પોંડીચેરી, બંગાળ, ઉત્તરપ્રદેશ વિગેરે પ્રાંતોમાંથી આવેલ. જાણે આખું ભારત એકઠું થયું ન હોય! બંગાળી બેન બીજી વખત આવતા હતા. પહેલી વખત વાતાવરણની પ્રતિકૂળતાને લીધે યાત્રા થઈ શકી ન હતી.

બીજે દિવસે બેન્કમાં જઈને ડોલર લીધા. ગુજરાત સરકાર તરફથી ગુજરાતીઓ માટે જ યાત્રામાં મદદરૂપ થાય તેવી ચીજો આપવામાં આવી. ખુટતી વસ્તુઓ દિલ્હીમાંથી ખરીદ કરી. આમ યાત્રાની તૈયારીઓ પરિપૂર્ણ કરી. સૌના મનમાં એક જ રટણ કે ક્યારે કૈલાસ માન-સરોવરની યાત્રા કરીએ!

દિલ્હીથી કાઠગોદમ, અલમોડા, નૈનિતાલ, બાગેશ્વર થઈને ધારચૂલા, માંગતી ૬૨૫ કી.મી. બસમાં જવાનું હોય છે. ૧૦૪ કી.મી. ધારચૂલાથી ગાલા, ગુંજી થઈને લીપુપાસ પગપાળા અથવા ઘોડા ઉપર લીપુપાસ કરીને ચીનની હદમાં જવાનું હોય છે. પહેલું ગામ તાકલાકોટ આવે છે. તાકલાકોટથી ૧૦૦ કી.મી. બસમાં કૈલાસ માનસરોવર જવાનું હોય છે. ત્યારપછી કૈલાસ માનસરોવરની પ્રદક્ષિણા કરવાની હોય છે.

*(ક્રમશઃ)*

**With Best Compliments From :**

**Universal AGENCIES**

**Press road, volkart road, BHAVNAGAR-364001**
**Phone : (O) 428557/427954 Fax : (0278) 421674**
**E-mail : universal agencies@usa.net**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા પ્રકાશિત
'શ્રી આત્માનંદ પ્રકાશ'ને અમારી હાર્દિક શુભેચ્છા

# મેસર્સ ચીમનલાલ મુળચંદ શાહ

**દરેક જાતના ઉચ્ચ ક્વોલીટીના અનાજ તથા કઠોળના વેપારી**

દાણાપીઠ, ભાવનગર. ફોન : ૪૨૮૯૯૭-૫૧૭૮૫૪

| રોહિતભાઈ | સુનીલભાઈ | પરેશભાઈ |
|---|---|---|
| ઘર : ૨૦૧૪૭૦ | ઘર : ૨૦૦૪૨૬ | ઘર : ૫૧૬૬૩૯ |

## ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.

હેડ ઓફિસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર ફોન : ૪૨૯૦૭૦, ૪૩૦૧૯૫

**: શાખાઓ :**

ફોન : કૃષ્ણનગર—૪૩૯૭૮૨, વડવા પાનવાડી—૪૨૫૦૭૧, રૂપાણી-સરદારનગર-૫૬૫૯૬૦,
ભાવનગર-પરા-૪૪૫૭૯૬, રામમંત્ર-મંદિર-૫૬૩૮૩૨, ઘોઘા રોડ—૫૬૪૩૩૦, શિશુવિહાર—૪૩૨૬૧૪

**તા. ૧-૪-૨૦૦૨ થી થાપણ તથા ધિરાણમાં સુધારેલ વ્યાજના દરો**

| ડીપોઝીટ | વ્યાજનો દર | સલામત રોકાણ | આકર્ષક વ્યાજ |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૬.૫ ટકા | ૨ વર્ષથી ૩ વર્ષની અંદર | ૮.૫ ટકા |
| ૯૧ દિવસથી ૧૮૦ દિવસ સુધી | ૭.૦ ટકા | ૩ વર્ષ કે તે ઉપરાંત | ૯.૦ ટકા |
| ૧ વર્ષથી ૨ વર્ષની અંદર | ૮.૫ ટકા | સેવિંગ્ઝ ખાતામાં ૫ ટકા વ્યાજ આપવામાં આવશે. | |

❀ ૯૦ માસે રકમ ડબલ મળશે. ❀ સીનીયર સીટીઝનને F.D. ઉપરએક ટકો વધુ વ્યાજ આપવામાં આવશે.
❀ સોના લોન, હાઉસીંગ લોન, મકાન રીપેરીંગ લોન, એન.એસ.સી. લોન, શૈક્ષણિક હેતુ લોન, સ્વ વ્યવસાય, સ્વ રોજગાર માટે ધિરાણ આપવામાં આવે છે. વધુ વિગત માટે હેડ ઓફિસ-શાખાઓનો સંપર્ક સાધવા વિનંતી.
❀ નિયમીત હપ્તા ભરનારને ભરેલ વ્યાજના ૬ ટકા વ્યાજ રીબેટ મળે છે.
બેન્કની વડવા-પાનવાડી રોડ શાખામાં વહેલા તે પહેલાના ધોરણે પસંદગીના લોકર ભાડે આપવામાં આવે છે.

| મનહરભાઈ એચ. વ્યાસ | નિરંજનભાઈ ડી. દવે | વેણીલાલ એમ. પારેખ |
|---|---|---|
| જનરલ મેનેજર | મેનેજિંગ ડીરેક્ટર | ચેરમેન |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રાતઃ કાળે ભગવાન આદિનાથનું સ્મરણ!

*ડૉ. કુમારપાળ દેસાઈ*

પૃથ્વીનાથ ઋષભદેવે પોતાના વ્યવહારથી જ ધર્મ આચરવાનું નક્કી કર્યું. આ સમયે પાંચમાં દેવલોકને અંતે વસનારા અરૂણ, આદિત્ય, સારસ્વત આદિ લોંકાતિક દેવો આવ્યા અને તેમને ઋષભદેવને નમસ્કારપૂર્વક પ્રાર્થના કરી, 'હે નાથ! હવે ધર્મતીર્થ પ્રવર્તાવી જગતનું કલ્યાણ કરો.'

પૃથ્વીનાથ ઋષભદેવે સ્મિતપૂર્વક તેનો પ્રત્યુત્તર વાળ્યો. લોંકાતિક દેવો સહર્ષ વિદાય થયા. ધર્મતીર્થ પ્રવર્તાવવાની ઈચ્છાવાળા પૃથ્વીપતિ ઋષભદેવ શાંત ચિત્તે રાજમહેલ તરફ પધાર્યા.

આનંદમાં ગરકાવ થયેલા રસિયાઓએ નિરાંતે વસંતોત્સવ ઉજવ્યા કર્યો, પણ રાજમહેલમાં આવીને શ્રી ઋષભદેવે રાજત્યાગનો ને સંયમધર્મ સ્વીકાર કરવાનો પોતાનો નિશ્ચય જાહેર કર્યો.

આ સમાચાર થોડીવારમાં બધે પ્રસરતાં ભરત વગેરે કુમારોની, વફાદાર સચિવાદિ સેવકોની અને નાના બાળ માફક ઉછરેલાં પ્રજાજનોની ચિંતાનો પાર ન રહ્યો.

લોકોને ધર્મ વિષયક કશું જ્ઞાન નથી. ધર્મ શું તે લોકો જાણતા નથી. કેવળ પોતાના પ્રાણપ્યારા પ્રભુનો વિયોગ તેમને વ્યાકુળ બનાવી રહ્યો છે. શ્રી ઋષભદેવે પોતાના રાજ્યની બરાબર વહેંચણી કરી. યુવરાજ ભરતને રાજદંડ ગ્રહણ કરવા આજ્ઞા કરી. બીજી રાજકીય વ્યવસ્થા પણ કરી દીધી અને એક વર્ષ માટે ભગવાને સાંવત્સરિક દાનની શરૂઆત કરી.

ચતુષ્પથ તથા દરવાજાઓ પર ઘોષણા કરાવી કે, ''જે એનો અર્થી હોય, તેણે આવીને તે લઈ જવું. ભગવાન મોં માંગ્યું આપશે.''

શ્રી ઋષભદેવ જેવા દાતા ક્યાંથી મળે? આમ દાન દેતા એક વર્ષ વીત્યું અને રાજત્યાગનો સમય આવી પહોંચ્યો. લોકોને જોઈતી વસ્તુ મળી રહેતી હતી તેમ છતાં લોકોએ પણ ઋષભદેવનું થોડું દાન સ્વીકાર્યું. એક વર્ષ દરમિયાન ૩૮૮ કરોડ અને ૮૦ લાખ સોનૈયાનું દાન કર્યું. ચૈત્ર વદિ આઠમને દિવસે પૃથ્વીનાથે રાજવૈભવનો અંચળો ઉત્તાર્યો અને સંયમધર્મનો સ્વીકાર કર્યો. મસ્તક પરના કેશકલાપનો ચાર મુષ્ટિ વડે લોચ કર્યો. દેવ, દાનવ અને માનવે અપલક દૃષ્ટિએ આ અદ્‌ભુત દૃશ્ય જોયું. છઠની તપશ્ચર્યાવાળા ઋષભદેવે ચારિત્ર ગ્રહણ કર્યું. આ સમયે જ એમને મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થયું.

સાધુનું જીવન કેટલું કઠિન હોય છે! એમાં ખાંડાની ધાર પર ચાલવાનું હોય છે. ઉઘાડું માથું અને ઉઘાડા પગ સાથે વિહાર કરવાનો, ટાઢ અને તડકો વેઠવાનો, ભિક્ષા માંગીને ખાવાનું અને ભોંયપથારીએ સુવાનું. ઋષભદેવે કચ્છ અને મહાકચ્છના રાજાઓને સંસ્કારી બનાવ્યા હતા. એ ચાર હજાર રાજાઓ પણ એમની પાછળ રાજપાટ ત્યાગીને ચાલી નીકળ્યા.

દીક્ષા વખતે કરેલા ઉપવાસના પારણાનો સમય થઈ ગયો, પણ ભગવાન કશું ગ્રહણ કરતાં નથી. રસાળ ઝાડનાં ઝુંડ તો ફળથી ઝૂમી રહ્યા હતા. પણ એને જાણે કિંપાક ફળ સમજી એને સ્પર્શ કરતાં નથી. સ્વાદિષ્ટ જળનાં નવાણ ભર્યા છે. પરંતુ ખારોધૂધ દરિયો ભર્યો છે એમ સમજી પ્રભુ એનું આચમન પણ કરતાં નથી. કોઈએ ભોજનના થાળ ધર્યા તો કોઈએ સોનારૂપાના થાળ!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઋષભદેવ કોઈની ભિક્ષાં સ્વીકારતા નથી. એ તો સતત ધર્મધ્યાનમાં રત છે. આમને આમ એક આખો મહિનો વીતી જાય છે. પણ ભિક્ષાનો યોગ થતો નથી. શ્રી ઋષભદેવે પોતાની ધ્યાન સાધના એમ ને એમ ચાલુ રાખી. મેરુ ચળે પણ તેમનો નિશ્ચય ચળે તેવો ન હતો. તેઓ તો માત્ર મૌન સેવે છે અને આગળ ને આગળ વધ્યે જાય છે. કોઈ હાથી ધરે છે, કોઈ ઘોડા ભેટ ધરે છે. કોઈ યુવાવસ્થામાં આવેલી કન્યા અર્પણ કરે છે, પણ પ્રભુ જળકમળવત સહુથી દૂર જ રહ્યા. તેઓ તો અપરિગ્રહી હતા. આ પરિગ્રહનો તો તેમણે ત્યાગ કર્યો હતો. આમને આમ બાર માસ વીતી ગયા. જેમ દીપક તેલ વિના પ્રકાશતો નથી, વૃક્ષ જળ વિના જીવતું નથી તેમ દેહ આહાર વિના ટકી શકતો નથી. ભગવાનને આહારની જરૂર હતી, પણ સાથે સાથે એવી પ્રતિજ્ઞા હતી કે આહાર નિર્દોષ મળે તો જ સ્વીકારવો. ત્યાગીને યોગ્ય, નિરવધ અને એષણીય ખોરાકની જરૂર હતી.

એ સમયની ખાધેપીધે સુખી પ્રજા આ સમજે ક્યાંથી? ગામે ગામ વિચરતા ભગવાન હસ્તિનાપુરમાં આવ્યા. અહિં બાહુબલિના પૌત્ર શ્રેયાંસે ભગવાનને જોયા. એમને પૂર્વજન્મનું જ્ઞાન થયું અને ભિક્ષા આપવા માટે ઉત્સુક બન્યા.

શ્રેયાંસકુમારે ઋષભદેવને બે હાથ જોડી વિનંતી કરી, ''પ્રભુ! આપ મારું આગણું પાવન કરો. આપને લેવા યોગ્ય ઈક્ષુરસ (શેરડીનો રસ) સ્વીકારો.'' આ ઈક્ષુરસ નિર્દોષ અને બેતાલીશ દોષથી મુક્ત હતો. ઋષભદેવે કરપાત્ર લંબાવ્યું અને શ્રેયાંસકુમારે ઘડામાંથી શેરડીનો રસ વહોરાવ્યો. આમ એક વર્ષના ઉપવાસ બાદ પ્રભુએ એ દિવસે ઈક્ષુરસથી પારણું કર્યું.

નગરજનોએ જય જયકાર કર્યો. આકાશમાં પંજદિવ્ય પ્રગટ થયા. વાતાવરણ દુદુંભિનાદથી ગાજી ઉઠ્યું. સામાન્ય એવા શેરડીના રસમાં શ્રેયાંસકુમાર ભવોભવની બાજી જીતી ગયા. વસ્તુની મહત્તા નથી, ભાવની મહત્તા છે. એ વાતનો જગતને એ દિવસે ખ્યાલ આવ્યો. આ દિવસે વૈશાખ સુદ ત્રીજનો હતો. એ અક્ષયદાનને લીધે અક્ષયતૃતીયાના નામે પ્રસિદ્ધ થયો. આજે પણ વરસીતપ કરનારા એનું પારણું આ જ દિવસે શેરડીના રસથી કરે છે.

દીક્ષા લીધા પછી તેઓ દેશના જુદાં–જુદાં ભાગોમાં વિચરતાં હતા. ક્યારેક ખંડેરમાં તો ક્યારેક સ્મશાનમાં ધ્યાન લગાવતા હતાં. તેઓ અંતરના શત્રુને જીતતા હતા. અયોધ્યા નજીક આવેલા પુરિમતાલ નામના એક પરાના બગીચામાં તેઓ ધ્યાન ધરતા હતા. આ સમયે તેમણે અંતરના શત્રુઓ પર પુરેપુરો વિજય મેળવ્યો. દીક્ષા લીધા બાદ એક હજાર વર્ષ પછી ભગવાનને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તેમણે લોકોને ઉપદેશ આપ્યો. ''કોઈ જીવને મારવો નહિ. બધાની સાથે હેતથી રહેવું. જુઠું બોલવું નહિ. ચોરી કરવી નહિ. શિયળવૃત પાળવું. સંતોષથી રહેવું. ''ઘણા લોકો આ ધર્મ પાળવા લાગ્યા. ઋષભદવે એક સંઘ સ્થાપ્યો. આ સંઘને તીર્થ પણ કહેવાય છે અને તેથી આદિનાથ પહેલાં તીર્થ કરનાર એટલે તીર્થંકર થયા.

આદિનાથ ભગવાનના પરિવારમાં ચૌર્યાસી હજાર સાધુઓ, ત્રણ લાખ સાધ્વીઓ, ચાર હજાર સાતસો પચાસ ચૌદ પૂર્વધારી, વીસ હજાર કેવળજ્ઞાની, ત્રણ લાખ પચાસ હજાર શ્રાવકો અને પાંચ લાખ ચોપ્પન હજાર શ્રાવિકાઓ હતા. પોતાનાં નિર્વાણનો સમય નજીક આવેલો જાણી તેઓ અષ્ટાપદ નામના પહાડ પર ગયા. ત્યાં સર્વ આકાંક્ષાઓ છોડી સમભાવમાં સ્થિર થયા. છઠ્ઠા દિવસે તેમનું નિર્વાણ થયું. આજે પણ લોકો સવારે ઉઠીને ભગવાન આદિનાથનું સ્મરણ કરે છે.

*(ગુજરાતી સમાચાર તા. ૨૩-૧૧-૨૦૦૦ની અગમનિગમ અને અધ્યાત્મપૂર્તિમાંથી સાભાર)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# * શ્રેષ્ઠ કોણ? *

***સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ. સા.ની નોંધપોથીમાંથી સાભાર***

જેમનામાં પરોપકાર, સ્વાર્થત્યાગ, દાન આદિ સદ્‌ગુણો હોય છે તે ઉત્તમ મનુષ્યો ગણાય છે. ઉત્તમ કુળમાં જન્મેલા જ કંઈ ઉત્તમ મનુષ્યો હોતા નથી.

જે મનુષ્યો બીજાઓના દુઃખ દેખીને તેઓને સહાય આપતાં નથી, બીજા મનુષ્યોને સારી સલાહ આપી શકતા નથી, પોતાની પાસે જે વસ્તુઓ હોય છે તે વસ્તુઓનું જગતના શ્રેય માટે દાન કરી શકતા નથી, બીજાઓને નીચ ગણીને ધિક્કારે છે, તેઓ ઉચ્ચ જાતીમાં જન્મેલા હોવા છતાં પણ મોટા ગણી શકાય નહિ. જે મનુષ્યો મોટા–મોટા પ્રોફેસરો, પ્રિન્સીપાલો અને આચાર્યો બન્યા હોય પણ જેઓ દયા, દાન, પરોપકાર, સૌજન્ય, ઉદારભાવ, સહનશીલતા, સંતોષ, શુદ્ધપ્રેમ, મીઠીવાણી, સદાચાર વગેરેથી દૂર હોય છે તો તેઓ વસ્તુતઃ ઉપર્યુક્ત ગુણોવાળા સાધારણ મનુષ્ય કરતાં પણ ઉચ્ચ ગણાય નહિ.

એક ગરીબ મનુષ્ય નીચ કોમમાં જન્મ્યાં છતાં મહિને સો રૂપિયા રળે એ. તેમાંથી પચીસ રૂપિયા ઘર ખર્ચ માટે રાખીને પંચોતેર રૂપિયા જગતના જીવોને કેળવવા, ગુણી બનાવવા માટે ખર્ચે છે.—

અને એક ઉચ્ચ કુળમાં જન્મેલો લાખો રૂપિયાનો માલિક અને વાર્ષિક પચ્ચીશ હજારની આવક છતાં પાંચ હજાર રૂપિયા પણ જગતના જીવોના કલ્યાણાર્થે ખર્ચતો નથી તેવા ઉચ્ચ કુળમાં જન્મેલા લક્ષાધિપતિ કરતાં પેલો નીચ કોમમાં જન્મેલો પારમાર્થિક કૃત્યમાં જિંદગી અને લક્ષ્મી ખર્ચનારને વિશેષ શ્રેષ્ઠ જાણવો.

મનુષ્ય ફક્ત એક ઉચ્ચ કુળમાં જન્મ્યો
તેટલા માત્રથી તે શ્રેષ્ઠ ગણાતો નથી.
પણ....
ઉત્તમ ગુણો, ઉત્તમ આચારો અને ઉત્તમ કૃત્યો
જે કરે છે તે....ગમે તે કુળમાં જન્મ્યો હોય છે
તો પણ તે શ્રેષ્ઠ ગણાય છે.

વસો. તા. ૨૩-૫-૧૯૧૨

જેમનામાં પરોપકાર, સ્વાર્થત્યાગ, દાન આદિ
સદ્‌ગુણો હોય છે તે ઉત્તમ મનુષ્યો ગણાય છે.
ઉત્તમ કુળમાં જન્મેલા જ કાંઈ ઉત્તમ મનુષ્યો
હોતા નથી.

*[શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મ.સા. લિખિત 'પાથેય' પુસ્તકમાંથી સાભાર...]*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

With Best Compliments from :

# AKRUTI

## NIRMAN PVT. LTD.

201, Mukhyadhyapak Bhavan, Road No. 24,
Above Nityanand Hall, SION (W.) MUMBAI-400 022
Tele : 408 17 56 / 408 17 62 (code No. 022)




શ્રી આત્માનંદ સભા
દ્વારા પ્રકાશિત
"શ્રી આત્માનંદ પ્રકાશ"
રૂપી
જ્ઞાન દીપક
સદા
તેજોમય રહે
તેવી
હાર્દિક
શુભેચ્છાઓ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શોકાંજલિ

*શ્રી કાંતિલાલ રતિલાલ સલોત* (ઉ. વ. ૮૦) વનિતા સાડી સેન્ટરવાળા ગત. તા. ૧૩–૫–૦૨ને સોમવારના રોજ ભાવનગર ખાતે તેમના નિવાસસ્થાને અવસાન પામેલ છે. જેની નોંધ લેતા આ સભા ઉંડા ખેદની લાગણી અનુભવે છે.

સ્વ. શ્રી કાંતિલાલભાઈ સલોતે આ સભામાં માનદ્‌મંત્રી, કાર્યવાહક કમિટિના સભ્ય તથા યાત્રા પ્રવાસ કમિટિના કન્વીનર તરીકે વરસો સુધી તન, મન અને ધનથી અમૂલ્ય સેવાઓ આપી છે. જેની આ સભા માનસભર નોંધ લે છે.

સ્વ. શ્રી કાંતિભાઈ સલોત સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ–ભાવનગરના પાયાના પ્રણેતા, હેરીસ રોડ, કાપડબજાર એસોસીએશનના માનદ્‌ મંત્રી, શ્રી ભાવ. મર્કન્ટાઈલ બેન્ક લિ. ના પૂર્વ ડાયરેક્ટર, શ્રી શ્વે. મૂ. પૂ. તપા. જૈન સંઘ પેઢી, વારૈયા જૈન ભોજનશાળા, ભાવનગર પાંજરાપોળ ઉપરાંત અનેક નાની–મોટી સંસ્થાઓમાં સક્રિય રીતે જોડાયેલા હતા.

સ્વ. શ્રીમાં નમ્રતા, સહૃદયતા, સરળતા, સેવાભાવના, સાદાઈ, પ્રામાણિકતા, ઉદારતા અને સચ્ચાઈ જેવા અનેક સદ્‌ગુણો અન્યને પણ પ્રેરણારૂપ બને તેવા હતા.

તેમના અવસાનથી તેમના કુટુંબ–પરિવાર ઉપર આવી પડેલ આ અસહ્ય દુ:ખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્‌ગતના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

*લિ. શ્રી જૈન આત્માનંદ સભા ખારગેઈટ, ભાવનગર.*

---

APTECH
COMPUTER EDUCATION
"ફેમીલી પેક" યોજના
એકની ફી ભરો અને ફેમીલીના બધા સભ્યો કોમ્પ્યુટર શિક્ષણ મફત મેળવો.
3rd Floor, Ajay Chamber, Kalanala, Bhavnagar - 364 001
(Gujarat) India Phone : (91) (0278) 425868 Fax : (91) (0278) 421278
Internet : http://www. aptech-education.com

COMET
COMPUTER CONSULTANCY
10, V. T. Complex,
Kalanala, Bhavnagar - 364 001
Phone : (91) (0278) 422229
સૌપ્રથમ
કોમ્પ્યુટર કુંડળી
દેશ–પરદેશની
સુક્ષ્મ અને ચોક્કસ
કાઢવા માટે મળો.
ભવિષ્યનું માર્ગદર્શન
મફત
રૂબરૂ મળો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મૃગ સુંદરીની કથા

શ્રીપુરનગરમાં શ્રીષેણ નામે રાજા રાજ કરતો હતો. તેને દેવરાજ નામે એક પુત્ર હતો. તે દેવરાજ જ્યારે યુવાન થયો ત્યારે પૂર્વના દુષ્કર્મના ઉદયથી તે કુષ્ટી થયો. તેના રોગને દૂર કરવા માટે સાત વર્ષ સુધી ઉપચારો કરવામાં આવ્યા. પણ તે નિરોગી થયો નહિ. છેવટે કંટાળી ગયેલા વૈદ્યોએ તેનો ઉપચાર કરવાની ના પાડી. રાજા શ્રીષેણ આથી વધારે દુ:ખી રહેવા લાગ્યો. એક વખતે તેણે એવી ઘોષણા કરાવી કે, ''જે મારા કુમારને નિરોગી કરે તેને અડધું રાજય આપવામાં આવશે.'' આ ઘોષણાનો પડહ આખા નગરમાં વગડાવ્યો.

તે નગરમાં યશોદત્ત નામે એક મોટો ધનાઢ્ય વસતો હતો. તેને શીલાદિ ગુણોથી યુક્ત એવી લક્ષ્મીવતી નામે પુત્ર હતી. તેણીએ રાજાના તે પડહને નિવાર્યો અને કહ્યું કે, ''હું રાજકુમારને નિરોગી કરીશ.'' રાજાએ અતિ આદરથી તે લક્ષ્મીવતીને પોતાની પાસે બોલાવી. લક્ષ્મીવતી પોતાના પિતા વગેરેની સાથે રાજા પાસે ગઈ. તેણીએ પોતાના શીલના પ્રભાવથી પોતાના હાથનો સ્પર્શ કરી તે રાજકુમારના શરીરને નિરોગી બનાવી દીધું. આથી પ્રસન્ન થયેલા રાજાએ પોતાની પ્રતિજ્ઞા પાળવાને માટે તે કન્યા પોતાના રાજકુમારની સાથે પરણાવી. તે પછી તે પોતાના પુત્રને રાજય આપી રાજા ગુરુ પાસે દીક્ષા લઈ ચાલી નીકળ્યો. પાછળ નવીન રાજદંપતિ સુખે રાજય ભોગવવા લાગ્યા.

એક દિવસે કોઈ જ્ઞાની આચાર્ય તે શ્રીપુરનગરમાં આવી ચડ્યા. તેમના આગમનની વાત સાંભળી રાજા દેવરાજ અને રાણી લક્ષ્મીવતી તેમને વંદના કરવાને આવ્યાં. ગુરુએ તેમને ધર્મદેશના સંભળાવી. દેશનાને અંતે રાજા દેવરાજે પોતાને કુષ્ટ રોગ થવાનું કારણ પૂછ્યું. ત્યારે ગુરુએ કહ્યું કે, ''પૂર્વભવને વિષે ઉપાર્જન કરેલાં દુષ્કર્મ વડે તમને રોગ થયો હતો તેનું સ્વરૂપ આ પ્રમાણે છે.

વસંતપુરનગરમાં મિથ્યાત્વથી જેની શુદ્ધમતિ આચ્છાદિત થયેલ છે, એવો દેવદત્ત નામે એક વેપારી રહેતો હતો. તેને ધનદેવ, ધનમિત્ર, ધનેશ્વર અને ધનદત્ત નામે ચાર પુત્રો હતા. તે ચાર પુત્રોમાં જે ધનેશ્વર હતો તે વ્યાપાર કળામાં કુશળ હતો. એક વખતે ધનેશ્વર મૃગપુરનગરમાં વ્યાપાર કરવાને ગયો. તે નગરમાં જિનદત્ત નામે જૈનધર્મને પાળનારો શેઠ રહેતો હતો. તેને મૃગસુંદરી નામે કન્યા હતી. તે બાળા આર્હત્ ધર્મ ઉપર આસ્તિક હતી. એક વખતે તેણીએ ગુરુ પાસે આ પ્રમાણે ત્રણ અભિગ્રહ ગ્રહણ કર્યા. શ્રી જિનેશ્વરની પૂજા કરવી, કોઈ સાધુ મહારાજને દાન આપી ભોજન કરવું અને રાત્રિ ભોજનનો ત્યાગ કરવો. આ ત્રણ અભિગ્રહ પ્રમાણે તે સર્વદા વર્તતી હતી. મૃગસુંદરી ઘણી જ સ્વરૂપવતી હતી. એક વખતે વ્યાપાર અર્થે તે સ્થળે આવેલા ધનેશ્વરે મૃગસુંદરીને જોઈ; તેણીને જોતાં જ તે તેના સૌંદર્યથી મોહિત થઈ ગયો. તત્કાળ તેણીને પરણવાને તે અનુરાગી બની ગયો.

તેણે જિનદત્ત શેઠની આગળ તે કન્યાની માંગણી કરી, પણ શેઠે ધનેશ્વરને મિથ્યાત્વી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માની પોતાની કન્યા આપી નહિ. મોહ પામેલો ધનેશ્વર કપટી શ્રાવક બની ગયો. પછી તે મૃગસુંદરીની સાથે પરણ્યો. પરણ્યા પછી મૃગસુંદરીને સાથે લઈને તે પોતાની નગરીમાં આવ્યો. ઘેર આવ્યા પછી ધર્મની ઈર્ષ્યાને લઈને તેણે મૃગસુંદરીને જિનપૂજા વગેરે કરતાં અટકાવી. શ્રાવિકા મૃગસુંદરી આર્હત્ ધર્મ ઉપર પૂર્ણ આસ્તિક હતી, તેથી તે દૃઢતા રાખીને રહી. તેણીએ જિનપૂજા ન થવાથી ઉપવાસ કરવા માંડ્યા, અનુક્રમે ત્રણ ઉપવાસ થયા. ચોથે દિવસે કોઈ જૈન મુનિ તેણીને દ્વારે આવી ચડ્યા. તે વખતે તેણીએ પોતાના ગ્રહણ કરેલા નિયમના રક્ષણને માટે તે મુનિને ઉપાય પૂછ્યો. તે સમયે ગુરુએ ગુણ–અવગુણનો વિચાર કરીને કહ્યું, ''ભદ્રે! તારે ચૂલા ઉપર ચંદરવો બાંધવો. એમ કરવાથી પાંચ સાધુઓને પ્રતિલાભિત કરવાથી અને પંચતીર્થોને નમસ્કાર કરવાથી જેટલું ફળ પ્રાપ્ત થાય તેટલું ફળ તને પ્રાપ્ત થશે. ''ગુરુની આ આજ્ઞા તેણીએ શિર પર ચડાવી અને ત્યારથી તે પ્રમાણે તેણીએ કર્યું. તે ચંદરવો બાંધેલો જોઈ તેણીના મિથ્યાત્વી સસરા વગેરેએ ધનેશ્વરને કહ્યું કે, ''આ તારી વહુએ વસ્ત્ર બાંધીને કામણ કર્યું છે. તે સાંભળી ધનેશ્વરને ક્રોધ ચડી આવ્યો અને તત્કાળ તેણે તે ચંદરવાને અગ્નિ લગાડી બાળી નાંખ્યો. તે પછી મૃગસુંદરીએ ફરીવાર બાંધ્યો. તે પણ ધનેશ્વરે બાળી નાંખ્યો. એવી રીતે સાત ચંદરવા બાંધ્યા અને તે સાત બાળી નાંખ્યા.'' પછી સસરાએ મૃગસુંદરીને કહ્યું, ''ભદ્રે! શાં માટે વૃક્ષા પ્રયાસ કરે છે?'' મૃગસુંદરી બોલીઃ 'જીવદયા માટે.'' તે સાંભળી સસરાએ ક્રોધથી જણાવ્યું, ''જો તારે જીવદયા પાળવી હોય તો તું તારા પિતાના ઘેર જા.'' મૃગસુંદરીએ કહ્યું, ''હું કુળવાનની પુત્રી છું; તેથી કુલટાની પેઠે એકલી નહિ જાઉં. માટે તમારા કુટુંબ સાથે મને મારા પિતાને ઘેર મોકલો.'' તેણીના આવા વચન સાંભળી. તેનો સસરો કુટુંબ સહિત તેણીને લઈને મૃગપુરનગર તરફ ચાલ્યો. માર્ગમાં કોઈ એક ગામમાં તેણીના સસરાનો સગો રહેતો હતો. તેને ઘેર તેઓ મીજમાન તરીકે ગયા. તે સગાએ પોતાને ઘેર પરોણા આવ્યા જાણી રાત્રિને વિષે ભોજન તૈયાર કરાવ્યું ભોજન કરવાને સર્વ કુટુંબ તૈયાર થયું પણ રાત્રિ ભોજનના નિયમને સંભારી મૃગસુંદરી ભોજન કરવા ઉઠી નહિ. કોઈ પૂર્વના પુણ્યથી શુભ બુદ્ધિ ઉત્પન્ન થવાથી મૃગસુંદરીના સસરા વગેરે મૃગસુંદરીને મુકી ભોજન કરવા ઉઠ્યા નહિ પછી તે ગૃહસ્થના કુટુંબે તે ભોજન આરોગ્યું, અને આરોગ્યા બાદ તત્કાળ તેઓ મરણને શરણ થઈ ગયા. પ્રાતઃ કાળે તે સર્વને મરણ પામેલા જોઈ, મૃગસુંદરીના સસરા વગેરેએ તેનું કારણ જાણવા આમતેમ જોવા લાગ્યા. તેવામાં એક તપેલીની અંદર સર્પની ગરળ જોવામાં આવી. જે જાતાં જ તેઓએ વિચાર્યું કે રાત્રે રસોઈના ધૂમાડાથી આકુળ–વ્યાકુળ થયેલો કોઈ સર્પ ઊંચેથી તપેલીમાં પડી ગયેલો, તેના ઝેરથી સર્વનું મૃત્યું થયું છે. આ બીના જાણી સર્વે મૃગસુંદરીના વખાણ કર્યા અને તેણીની ક્ષમા માંગી. આ વખતે મૃગસુંદરી બોલી : ''આર્યો! આવા કારણોને લઈ હું ચૂલા ઉપર ચંદરવો બાંધતી હતી, અને રાત્રિ ભોજનનો ત્યાગ કરતી હતી. તેણીના આવા વચન સાંભળી સર્વે પ્રતિબોધ પામી ગયા અને મૃગસુંદરીને જીવિતદાત્રી થવાથી કુળદેવીની પ્રમાણે માનવા લાગ્યા. પછી તેઓ પાછા ઘેર આવ્યા અને મૃગસુંદરીના ઉપદેશથી ઉત્તમ પ્રકારના શ્રાવકો થયા. તે પછી મૃગસુંદરી અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધનેશ્વર ચિરકાલ પર્યંત સમ્યગ્‌ધર્મને આરાધીને છેવટે સમાધિપૂર્વક કાળ કરી સ્વર્ગે ગયા હતા. સ્વર્ગના સુખનો અનુભવ કરી આ વખતે તમે બન્ને દેવરાજ અને લક્ષ્મીવતી થયા છો. તે પૂર્વભવે ચંદરવા બાળ્યા હતા, તે દુષ્કર્મ નિંદા વગેરે કરવાથી તે ખપાવી દીધું હતું પણ તે અંશમાત્ર રહેલું, તેનાથી આ ભવમાં તને સાત વર્ષ સુધી તે વ્યાધિ રહ્યો હતો. આ લક્ષ્મીવતીએ તે પૂર્વના નિયમના પ્રભાવથી તારા વ્યાધિને શાંત કર્યો હતો.

રાજા દેવરાજ અને રાણી લક્ષ્મીવતી ગુરુના મુખથી આ પ્રમાણે પૂર્વભવનો વૃતાંત સાંભળી જાતિસ્મરણ જ્ઞાનને પ્રાપ્ત થયા. તત્કાળ તેઓ બન્ને આ સંસાર ઉપરથી વિરક્ત થઈ ગયા. પછી પુત્રને રાજય ઉપર સ્થાપિત કરી તેમણે દીક્ષા ગ્રહણ કરી. છેવટે કાળધર્મને પામી સ્વર્ગના સુખના ભાજન થયા હતા.

આ પ્રમાણે અનર્થદંડ વિરમણ વ્રતને વિષે મૃગસુંદરીની કથા કહેવામાં આવી તે ઉપરથી બીજા ભવ્ય જીવોએ ચૂલા ઉપર ચંદરવા ન બાંધવારૂપ વગેરે અનર્થદંડથી વિરામ પામવું.

*(સભા દ્વારા પૂર્વે પ્રકાશિત 'આત્મપ્રબોધ' પુસ્તકમાંથી જનહિતાર્થે સાભાર....)*

## પૂ. મુનિશ્રી રત્નાકરવિજયજી મ.સા.નો વડોદરા પાસે અકસ્માતમાં કાળધર્મ

મુંબઈમાં ૧૮૦ ઉપવાસની વિક્રમ સર્જક તપસ્યાના પ્રણેતા અને જૈન સમાજમાં તપસ્વી મહારાજ તરીકે જાણીતા મુનિશ્રી રત્નાકરવિજયજી મ.સા. વડોદરા પાસે કરજણ હાઈવે પર અકસ્માતથી કાળધર્મ પામ્યા હતા. દિવંગત મુનિના પાર્થિવ દેહને ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના કામરોલ ગામે લાવવામાં આવ્યા હતા. અહીં તેમની પાલખી યાત્રા નીકળી હતી.

આચાર્યશ્રી નેમિસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના આચાર્યશ્રી જયાનંદ સૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પૂ. મુનિશ્રી રત્નાકરવિજયજી મ.સા. સુરત મુકામેથી વિહાર કરતાં સૌરાષ્ટ્ર તરફ આવી રહ્યા હતા ત્યારે કરજણ હાઈવે પર તેમને અકસ્માત થયો હતો.

તેમણે સં. ૨૦૦૮ના ફાગણ સુદ ૫ના રોજ બોરસદ મુકામે દીક્ષા ગ્રહણ કરી હતી. જયારે સં. ૨૦૦૮ વૈશાખ સુદ ૧૧ના શુભ દિને વડી દીક્ષા ગ્રહણ કરી મુનિશ્રી રત્નાકરવિજયજી નામ ધારણ કર્યું હતું.

## કાળધર્મ

કચ્છ વાગડ દેશોદ્ધારક પ.પૂ. આચાર્ય શ્રીમદ્‌ વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા. રાજસ્થાનના કેસવાડા મુકામે ગત તા. ૧૬-૨-૦૨ના રોજ કાળધર્મ પામેલ છે. તેમની પાલખી શંખેશ્વર મુકામે તા. ૧૮-૨-૦૨ને સોમવારના રોજ બપોરના ૧૨:૩૯ વાગે નીકળેલ.

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર પૂજયશ્રીઓને શ્રદ્ધાંજલિ અર્પે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સહૃદયતા અને સહાનુભૂતિ

અમેરિકા દેશની વાત છે. ત્યાં એક ન્યાયધીશ થઈ ગયા. નામ કેડેલ હલ. તેઓ પોતાની ન્યાયનિષ્ઠા માટે ભારે પ્રતિષ્ઠા પામ્યા હતા. કોઈ ગુનેગારનો કેસ ચાલતો હોય, ત્યારે ગુનેગારના મોતિયા મરી જતા!

એક વખતની ઘટના છે.

એક બહેન ન્યાયધીશ કેડેલ હલને મળવા આવી. તેની આંખોમાં વ્યથા હતી. ચહેરા ઉપર ભય હતો. તેણે આવીને તરત પૂછયું, 'સાહેબ, મને ઓળખી?'

ન્યાયધીશે થોડીવાર એ આગંતુક બહેન ઉપર મીટ માંડી અને પૂછયું, 'આવો બહેન! તમને તો હું શી રીતે ભૂલી શકું?'

'તો કહો, હું કોણ છું?'

'બહેન! તમારું નામ તો મને યાદ નથી, પણ તમારો ઉપકાર હું નથી ભૂલ્યો મારા પિતાજી યુદ્ધ દરમ્યાન ખૂબ ઘાયલ થયા હતા. તમે ના હોત તો મારા પિતાજી માટે બચવાનું શક્ય જ નહોતું! બરાબર ને?'

'જી સાહેબ! મને તો એમ કે આપના જેવા મોટો માણસ અમારા જેવા નાના માણસને શી રીતે યાદ રાખે?'

'બહેન, હોદ્દાથી કોઈ મોટું કે નાનું નથી બની જતું. પણ બીજા ઉપર ઉપકાર કરે તે મહાન ગણાય. તેં મારા ઉપર ઉપકાર કરેલો છે. બોલ બહેન, શી સેવા કરું?'

'સેવા તો, સાહેબ...' બહેન અટકી ગઈ.

'બહેન, શાંત થાવ શી વાત છે?'

'મારો દીકરો...'

'શું થયું છે તેને?'

'તેણે ગુનો કર્યો છે...'

'કેવો ગુનો?'

'કેટલાક ઝનૂની લોકોનું ટોળું એક દેવળની ભાંગફોડ કરતું હતું. મારો દીકરો પણ તે ટોળામાં ભળી ગયો...એણે પણ દેવળના કાચ તોડ્યા...ફરનિચર તોડ્યુ. પોલિસના હાથમાં તે પકડાઈ ગયો છે અને હવે તેનો કેસ તમારા હાથમાં આવશે. મારા દીકરાને સજા કરવી કે માફ કરવો તે આપના હાથમાં છે, સાહેબ!' પેલી બહેન રડતાં રડતાં બોલી.

'બહેન ગુનેગારને સજા કરવી કે તેને માફ કરવો એ મારા હાથમાં છે ખરું, પરંતુ મારા હાથમાં કાયદાથી અને સત્યથી બંધાયેલા હોય છે.' જજ સાહેબ શાંતિથી બોલ્યા.

'તો શું તમે મારા દીકરાને માફ નહિ કરો?'

'બહેન, મારે તો પુરાવા અને સાબિતીઓના આધારે જ ન્યાય તોળવાનો હોય છે...'

'જજ સાહેબ, હું તો મારા એકના એક દીકરા માટે ખૂબ આશા લઈને આપની પાસે આવી હતી. એ જેલમાં જશે તો હું વિધવા, જીવન-નિર્વાહ શી રીતે કરીશ?' પેલી સ્ત્રી ધ્રુસકે ધ્રુસકે રડી પડી

'બહેન, ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખ.'

પછી તો અદાલતમાં કેસ ચાલ્યો. વકીલોની દલીલબાજી, પોલિસની જુબાની અને પુરાવાઓની પરંપરામાં એ બહેનનો દીકરો ગુનેગાર પુરવાર

(અનુસંધાન માટે જુઓ પાનું-૨૨)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધ્યેય પ્રાપ્તિ

*—આ.શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.*

ઉપાધ્યાય મહારાજશ્રી યશોવિજયજી મહારાજ ''જ્ઞાનસાર''માં સમજાવે છે કે જે વસ્તુ પ્રાપ્ત કરવાની છે, તેની પહેલાં ઓળખાણ કરવાની છે. લોકો ધર્મની વાતો તો ઘણી કરે છે, પણ આત્માને સમજ્યા વગર કદી ધર્મ થતો નથી અને કદી મોક્ષ મળતો નથી. આત્માની ઓળખાણ થાય તો દરેક ક્રિયા ધર્મમય બની જાય છે. ત્યાર પછી જગત સાથેનો વ્યવહાર નિર્મળ બનશે. પથ્થરમાંથી મૂર્તિ ઘડનાર શિલ્પીને ધન્ય છે, તે સમજણપૂર્વક પથ્થરને ઘડે છે, તેની સાધના સફળ બને છે; તેમ અજ્ઞાનીને જ્ઞાની બનાવનાર ગુરુને ધન્ય છે. ગુરુના સમાગમ અને તેમનું સાનિધ્ય પારસમણિ સમાન છે. તેથી માનવી 'વિભૂતિ' બની જાય છે. ગુરુની આજ્ઞા એ મંગળમય તત્વ છે.

જેમ ટાંકણા ખાધા વિના પથ્થરમાંથી પ્રતિમા બનતી નથી, તેમ ગુરુના ઉપદેશ વિના દાનવમાંથી માનવ બનતો નથી. ગુરુનો ઉપદેશ એ ડાયનેમિક ફોર્સ છે, તેથી ગતિ થઈ શકે છે. ગુરુ–આજ્ઞા એ રસાયણ છે. તેથી જગતનો સામાન્ય માનવી અસામાન્ય બની શકે છે, તે પ્રભુતાના માર્ગે જઈ શકે છે, પ્રભુતાઈ પામી શકે છે. માનવામાં રહેલ દિવ્યતાનું અનેરું તત્વ ગુરુ–સમાગમથી બહાર આવે છે. આને માટે માનવે ગુરુ પ્રત્યે સમર્પણભાવ કેળવવો જોઈએ. ગુરુ પ્રત્યે અનન્ય પ્રેમ તેમ જ અવિહડ શ્રદ્ધા જોઈએ. દ્રોણાચાર્યે એકલવ્યને વિદ્યા આપવાની ના પાડી, કારણ કે તે ક્ષત્રિય ન હતો, શુદ્ર હતો. પરંતુ તેણે સંકલ્પ કર્યો, ગુરુની પ્રતિમા બનાવી, પ્રતિમાને સાક્ષાત્ ગુરુ માની, તેમની આજ્ઞા મળે છે, તેમ કલ્પી વિદ્યા મેળવી, ને તે અજોડ બાણાવાળી બન્યો. અહિં એકલવ્યને ગુરુ પ્રત્યે સમર્પણ- ભાવ હતો. શ્રદ્ધા ને સમર્પણ શ્રેષ્ઠ સફળતા સહજ અપાવે છે.

જીવનને પ્રગતિશીલ બનાવવું હોય તો ગુરુચરણની સેવા એક માત્ર ઉપાય છે. ગુરુ જ્ઞાન આપે છે, સ્વાધ્યાય દર્શાવે છે, ધ્યાનની પ્રક્રિયા પ્રગટાવે છે.

આપણા આત્મામાં અનંત શક્તિ રહેલી છે. તે શક્તિને પ્રગટાવવા માટે મનને પહેલાં તૈયાર કરવાનું છે, મનને નિર્ભય બનાવવું છે અને મનથી આગળ વધવાનું છે.

આત્મા આનંદમય છે, શક્તિમય છે, શાશ્વત છે, દર્શનમય–જ્ઞાનમય છે. ભૌતિક વસ્તુમાં આમાંની એકે બાબત નથી.

આત્માનું આનંદથી તત્ત્વ જંગલમાં મંગલ બનાવે છે, તેથી શોકનું કારણ રહેતું નથી. શોકથી આર્ત્તધ્યાન થાય છે, આર્ત્તધ્યાનથી કર્મ બંધાય છે. આત્મા અંગેનું જ્ઞાન થાય તો આનંદ થાય. તેથી પ્રસન્નતા પ્રગટે. તેથી જ કહ્યું છે કે 'પ્રભુની પૂજાનું ફળ એટલે ચિત્તની પ્રસન્નતા.'

આ માટે જ્ઞાનીની દૃષ્ટિ જેમાં પ્રેમના અમી ભરેલ છે, તે ઉપકારક ને કલ્યાણકારી નિવડે છે. આ અમી ભરી દૃષ્ટિ આત્માની વિચારણા કરાવે છે. તે માટે ચિંતન, સંયમ અને સાધના સહાયભૂત થાય છે. આત્માનું સુખ અમીદૃષ્ટિ અપાવે છે. દૃષ્ટિના પાયાને મજબૂત કરવાનો છે.

કયાં જવું છે, તે પહેલા નક્કી કરીને જ પછી ચાલવાનું શરૂ કરવાનું છે. એકવાર ચિંતનની કેડી લાધી પછી ધર્મપાશેય સાથે લઈને આત્માએ પ્રયાણ કરવાનું છે. તે પ્રયાણ પ્રભાવશાળી, પ્રતાપશાળી, પ્રેમમય અને પ્રસન્નતાપૂર્ણ હશે અને તે પ્રયાણ પરમાત્માની ઝાંખી કરાવશે. અને આત્મા શુદ્ધ સ્વરૂપે પ્રકાશી રહેશે. આ માટે જ આત્માની ઓળખાણ આવશ્યક છે. તેની ઓળખ થઈ કે પછી જીવનમાં અવગતિની ઓટ આવતી અશક્ય બનશે અને ભરતીના ભવ્ય ભાવ સાથે ધ્યેયપ્રાપ્તિ થશે.

*(પ્રેરણા પુસ્તકમાંથી સાભાર)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# બોલતાં પહેલાં ખૂબ વિચારો

*—મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી મ.*

(નોંધ : અધીરા કે ઉતાવળા બનીને બહારનું બોલાઈ જાય ત્યારે તેનાં ખૂબ જ માઠાં પરિણામો આવે છે. સારી વાત પણ વિચાર્યા વિના બોલાઈ તો તેનું પરિણામ પાંચ જીવોની હત્યામાં પરિણમ્યું. તો ખોટી કે ખરાબ વાતો બોલાય જ કેમ? આ કથા શાંતિથી વાચજો; ઘણો બોધ આપી જશે.)

બાર–બાર વરસના સૂરજ ઊગ્યા અને આથમી ગયા. હજી પોતાનો પતિ પાછો ફર્યો નથી એ વિચારે એક સ્ત્રી બારણે અઢેલીને ઊભી છે; પતિની પ્રતિક્ષા કરી રહી છે. રોજનો આ એનો કાર્યક્રમ બની ગયો હતો.

એક દિવસની વાત છે. કોઈ વિશિષ્ટ જ્ઞાની મુનિવર માર્ગ ઉપરથી પસાર થતાં હતા, ભિક્ષાર્થે નિકળ્યા હતા. પેલી પતિ–વિરહિણી સ્ત્રીએ પોતાના આંગણે પધારીને લાભ આપવાની વિનંતી કરી. મુનિએ એની વિનંતી સ્વીકારી.

ભિક્ષા લીધા બાદ, પાછા વળતાં મુનિને થોભાવીને તે બાઈએ મુનિને કહ્યું, ''મુનિવર! બીજું તો કાંઈ જ ઈચ્છતી નથી પણ મારા પતિના આગમનની પ્રતિક્ષા કરતાં હવે તો થાકી ગઈ છું. આ દુર્ધ્યાન મને ખૂબ સતાવે છે. આપ ખૂબ જ્ઞાની છો. મને જો એમના આગમનનો સમય જણાવી દો તો હું રોજની પ્રતિક્ષા કરવાની માંડવાળ કરીને ધર્મ ધ્યાનમાં ચિત્ત પરોવી દઉં અને એમના એ નિશ્ચિત દિવસને જાણીને નિશ્ચિત બની જાઉં.''

જો એક સ્ત્રી આ રીતે દુર્ધ્યાનથી મુક્ત થતી હોય તો જ્ઞાનનો સદ્ઉપયોગ કેમ ન કરી લેવો? એ વિચારે વિશિષ્ટ જ્ઞાની મુનિએ કહ્યું, ''બેન! આજથી ત્રીજે દિવસે સાંજે તારા પતિ આંગણે આવીને ઊભા રહેશે.''

બાઈ ખૂબ રાજી થઈ. ત્રીજા દિવસની સવારથી તેનો ચહેરો–મહોરો પ્રફુલ્લિત થઈ ગયો. પતિને સન્માનવા માટે તેણે સોળ શણગાર સજ્યા. મોંમા પાન નાખ્યું; સેંથીએ સિંદુર ભર્યું.

અને.....ખરેખર.....સંધ્યા થતાં જ એનો પતિ આવ્યો.

પત્નીએ એમને વહાલથી–ભારે વહાલથી વધાવ્યા. પણ પતિને શંકા પડી ગઈ કે, મારા આગ- મનની તો આ સ્ત્રીને ખબર નથી તો એણે આ સાજ–સજાવટ કોના માટે કરી? શું તે કુલટા હશે?

સ્ત્રીના દુશ્ચારિત્રની આ શંકા નિર્મૂળ કરવા માટે પતિએ છેવટે પત્નીને જ પૂછયું. બાઈ હસી પડતા બોલી ''રે! આવી દુષ્ટ કલ્પના જ કેમ કરો છો? મને તો ગામમાં બિરાજમાન જૈન મુનિએ તમારા આગમનની વાત ત્રણ દી પહેલા કરી હતી. એથી જ આજે મેં સોળ શણગાર સજ્યા.''

પણ....આથી પતિના મનનું સમાધાન ન થયું. વળતે દિવસે સવારે તે મુનિના જ્ઞાનની પરીક્ષા કરવા માટે ઉપાશ્રયે ગયો. બધી વાતો થઈ તોય સમાધાન ન થયું. છેવટે તેણે પૂછયું, ''મુનિવર! જો તમે આટલા બધા જ્ઞાની હો તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મને એટલું જ કહો કે, મારે ઘેર ઘોડી સગર્ભા ક્યારે બની અને તેના પેટમાં કેટલા બચ્ચા છે?''

''બે'' તરત જ મુનિએ વળતો જવાબ આપ્યો.

આ સત્યના પારખાં કરવા હવે ક્યાં છેટું હતું? ઘરે જઈને તરત જ તે પુરુષે ઘોડીના પેટ ઉપર તલવારનો ઘા કરી દીધો અને એ પળે જ એ જ તલવારથી કપાઈ ગયેલાં બે બચ્ચા બહાર નીકળી ગયા! સામે જ ઊભેલી તેની પત્નીથી આ દૃશ્ય ન જોવાયું. તે ચીસ ખાઈને બેભાન થઈને ઢળી પડી.

મધરાતે પણ એ બાઈને ઊંઘ ન આવી. 'પોતાના નિમિત્તે ત્રણ જીવોની હત્યા!' આ વિચાર તેના માટે જીવલેણ પુરવાર થયો. તેણે પણ ફાંસો ખાઈને આત્મહત્યા કરી.

સવારે એ મુનિને આ સમાચાર મળ્યા. ચારેય હત્યાનું મૂળ પોતે છે એમ સમજીને અનશન કરીને દેહત્યાગ કર્યો.

એ દિવસે આખા નગરમાં સોંપો પડી ગયો. સહુ એક જ વાત કરતાં, ''ભાઈ, કાંઈ પણ બોલતાં પહેલાં ખૂબ વિચાર કરજો.''

***(ટચુકડી કથા પુસ્તકમાંથી સાભાર)***

# ❀ સંસાર અસાર ❀

એક જાદૂગરે ચિક્કાર માનવમેદની વચ્ચે જાદૂનો એક અદ્‌ભૂત ખેલ બતાવ્યો.... પોતાની પત્નીને સુવડાવી દીધી અને તેના પર લાકડાની પેટી મૂકી... થોડા સમય પછી પેટી ઉઠાવી... જોયું તો સ્ત્રી ગૂમ થઈ ગયેલી....અને સ્ત્રીની જગ્યાએ મીઠાઈનાં બોક્સો પડેલા....

આ જોઈને સભામાંથી એક માણસ ઉઠીને જાદૂગર પાસે આવ્યો.... જાદૂગરને કહે, 'જાદૂગર સાહેબ! આ પ્રયોગ મને શિખવડતા હો તો હું આપને રૂ।. ૧૦,૦૦૦=૦૦ આપવા તૈયાર છું....: કારણકે પત્નીથી હું ખૂબ જ ત્રાસી ગયો છું.... આ પ્રયોગથી પત્નીનો ત્રાસ દૂર થઈ જશે અને એની ખુશાલીમાં જે મીઠાઈઓ વહેંચવી છે એય એમાં મળી જશે!'

આ સાંભળીને જાદૂગર તો સ્તબ્ધ થઈ ગયો....

કેવો ભયંકર છે આ સંસાર! સંબંધ બંધાતા પહેલા ભયંકર રાગ કરાવે.... અને સંબંધ બંધાઈ ગયા પછી સમય જતાં એની ઉપર ઉદ્વેગ કરાવે.... અનેક ક્ષેત્રમાં આવો અનુભવ થવા છતાં ખેદની વાત એ છે કે આ જીવ નવા નવા સંબંધો બાંધવા સર્વત્ર દોડતો જ જાય છે.

સમ્યગ્દૃષ્ટિ વિના વિશાળ જ્ઞાન કે તત્વજ્ઞાનની ગહન જાણકારી નિરર્થક છે!

❀ ❀ ❀

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રારબ્ધ અને પુરૂષાર્થ

—પૂ.પં.શ્રી કનકવિજયજી ગણિ

અનેક પ્રકારની વિચિત્રતાઓ, વિષમતાઓ કે વૈવિધ્ય એ સંસાર—સમસ્તની નૈસર્ગિક પ્રકૃતિ છે. વિચિત્રતાઓ માટેના કારણો શોધવા જતાં એના ઉંડાણમાં જયાં વિવેકપૂર્વક નજર નાખવા બેસીએ છીએ ત્યારે છેવટે કર્મના ખેલને જ પ્રાધાન્ય આપવું પડે છે. પુરૂષાર્થ ભલે પ્રત્યેક કાર્યમાં સહાયક ગણાતો હોય, કે કાળ, સ્વભાવ. યા ભવિતવ્યતા પણ સંસારમાં કારણ તરીકે કદાચ ઓળખાય; છતાં જગતની આ બધી વિચિત્રતાના મૂળમાં કર્મ જ પ્રધાન ભાગ ભજવે છે, એમાં બે મત નથી જ.

માનવ જન્મે છે, ત્યારથી મરણ પર્યંત એના જીવનમાં પ્રારબ્ધ તથા પુરૂષાર્થ વચ્ચે સતત યુદ્ધ ચાલુ જ રહે છે. સંસારવર્તી પ્રત્યેક આત્માના જીવનમાં કર્મ અને પુરૂષાર્થનો ઘોર સંગ્રામ ખેલાઈ રહેલો છે. શાસ્ત્રીય પરિભાષામાં જેને આપણે નિકાચીત કર્મ કહીએ છીએ, તે લોક વ્યવહારમાં પ્રારબ્ધના નામે ઓળખાય છે. બુદ્ધિ, હોંશિયારી, આવડત કે પુરૂષાર્થ આ બધુ ભાગ્યને આધીન રહીને જ સંસારમાં સફળ યા નિષ્ફળ બને છે.

આજે માનવ; સુખ, સંપત્તિ, ઐશ્વર્ય આદિ માટે આટ-આટલા વલખા મારવા છતાં તેને કેમ મેળવી શકતો નથી? આનું કારણ શું? એક બીજુ ખાવાને માટે ધાન્યના ભંડારો ભરેલા છે. ભોગવવા માટે ધન, સમૃદ્ધિ, હાટ, હવેલી, મોટરગાડી ઈત્યાદિ બધું હાજર છે, છતાં મનમાન્યું ભોગવી શકાતું નથી. કોળીયો હાથમાં લેવા છતાં મોઢામાં જતો નથી. ગળામાં કેન્સર છે. આંતરડામાં ચાંદી છે. કેવળ દૂધ—ભાત કે છાશ પર મહિનાઓ કાઢનારાઓના ઘેર નિરંતર પાંચ પકવાન રસોડામાં તૈયાર હોય, પણ પોતે ઘરનો માલિક એ સુખપૂર્વક ભોગવી શકતો નથી. ડોક્ટરો, વૈદ્યો, હકીમો દરરોજ હજારોની ફી લેવા છતાં, છેલ્લામાં છેલ્લી વૈજ્ઞાનિક શોધના સાધનો વિદ્યમાન હોવા છતાં, આજે કેટ—કેટલાયે શ્રીમંતો દિન—પ્રતિદિન રોગોમાં સબડી જ રહ્યા હોય છે.

એક જ મા—બાપના ચારે દીકરાઓ બુદ્ધિ, બાહોશી, શરીર, રૂપ, તાકાત આ બધીયે બાબતોમાં ભિન્ન—ભિન્ન પરિસ્થિતિવાળા જણાય છે. એક જ દિવસે, એક જ ગામમાં, એક જ શેરીમાં, એક જ ટાઈમે જન્મનાર બે બાળકો જન્મથી જ બધી વિચિત્રતા જણાઈ આવે છે. એક ગરીબ, એક શ્રીમંત, એક સુખી કે દુઃખી. એકને વગર પ્રયત્ને મળે, એકને લાખ્ખો પ્રયત્ને ન મળે; એક મેળવે, બીજો સાચવે, ત્રીજો ભોગવે; મેળવે, સાચવે કોઈ, ભોગવે કોઈ; બુદ્ધિ, બાહોશી અને ગણત્રીપૂર્વક પ્રયત્ન કરનાર નિષ્ફળ જાય, જ્યારે જેનામાં બુદ્ધિ કે બાહોશી જેવું કંઈ નથી એવા હસી નાખવા જેવા ઘેલા ગણાતા માણસો ફાવી જાય.

આ બધાયના મૂળમાં કર્મ જ પ્રધાન કારણ છે. જેને ભાગ્ય કહેવામાં આવે છે. માનવનો વર્તમાનકાલ ભૂતકાળની કારવાઈને અનુરૂપ કર્મને આધીન છે, એમ કહેવામાં કશું જ ખોટું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે જ સંસારના કોઈપણ વ્યવહારમાં કર્મજન્ય વિષમતાઓને નજરે જોઈ, અનુભવી, સહેજ પણ અકળાઈ જવાનું હોય નહિ. શેઠ--નોકર, માલિક–મજુર, ગરીબ–શ્રીમંત, પ્રજા–રાજા, ઉંચ–નીચ, અલ્પ–અધિક; આ બધીયે તરતમતા સંસારમાં કર્માધીન જીવોને માટે સર્જાયેલી જ છે. આની સામે ઉકળાટ ઠાલવવાથી કે ધમપછાડા કરવાથી એમાં સહેજે પરિવર્તન આવવું શક્ય નથી.

હા, વર્તમાન કાલીન કર્મજન્ય સ્થિતિથી ઉગરવા માટે સમભાવ પૂર્વક સહન કરવામાં અને તે દ્વારા બુદ્ધિપૂર્વક જ્ઞાની ભાખ્યા પુરૂષાર્થથી તે કર્મસમૂહને મૂળથી જ ડામવો જરૂરી છે. કર્મને ડામવા માટે, તેના પર વિજય મેળવવા માટે, અહિંસા, સંયમ, તથા તપનો માર્ગ જ સાચો છે. સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રથી આત્મા જાગૃત બની; પોતાના આત્મવીર્યને ફોરવી જો ભગીરથ પુરૂષાર્થ આદરે તો અંતે પ્રારબ્ધ પર વિજય મેળવી તે સર્વતંત્ર સ્વતંત્ર બને છે.

આ સિવાય સંસારમાં કર્માધીન પરિસ્થિતિને કે વિષમતાને મૂળથી ટાળવા માટે અન્ય કોઈ જ અમોઘ ઉપાય નથી. એ સહુ–કોઈએ સમજી લેવું જોઈએ.

*(દીપમાલ પુસ્તકમાંથી જનહિતાર્થે સાભાર)*
*રજૂઆત : મુકેશ સરવૈયા*

❀

**(સહૃદયતા અને સહાનુભૂતિ....પાનું-૧૭થી ચાલુ)**

થયો. ન્યાયધીશે ચુકાદો આપતાં કહ્યું કે :

‘દસ ડોલર દંડ અને બે મહિનાની જેલની સજા.’

પેલી બહેન ચુકાદો સાંભળીને રડી પડી.

કોર્ટની કાર્યવાહી પૂર્ણ થતાં જજસાહેબ તે સ્ત્રીને મળ્યા અને પોતાના ખિસ્સામાંથી વીસ ડોલર કાઢીને એના હાથમાં મૂકતાં, ‘લે બહેન! આમાંથી દંડના દસ ડોલર તું ચૂકવી દે અને બાકીના તારા જીવનનિર્વાહ માટે છે. ન્યાયની નિષ્ઠાને કારણે હું તારા દીકરાને સજામાંથી તો નથી બચાવી શક્યો, પણ હવે તારા ભાઈ તરીકેની જવાબદારી હું જરૂર નિભાવીશ.’

પેલી સ્ત્રી ગળગળી થઈ ગઈ.

એની આંખમાંથી અશ્રુબિન્દુ છલકાઈ આવ્યાં.

સચ્ચાઈ અને કર્તવ્યભાવના જગતનો સર્વોત્તમ ધર્મ છે. ટીલાં--ટપકાંનો આડંબર એ ધર્મ નથી. એકબીજાને સમજવાની સંપૂર્ણ સહૃદયતા અને સહાનુભૂતિનો દિલમાં આવિર્ભાવ પ્રગટાવીએ. એ જ સાચું ધર્માચરણ છે.

અને એવા ધર્મનો જ હંમેશા જય થાય છે.

*[લેખક : શ્રી લક્ષ્મીચંદભાઈ છ. સંઘવીના પુસ્તક ‘દૃષ્ટાંત રત્નાકર’માંથી જનહિતાર્થે સાભાર]*

❀

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા પ્રકાશિત
'આત્માનંદ પ્રકાશ' રૂપી
જ્ઞાન દીપક સદા તેજોમય રહે તેવી હાર્દિક
શુભેચ્છાઓ....

**બી સી એમ કોરપોરેશન**

(હોલસેલ ફાર્માસ્યુટીકલ ડીસ્ટ્રીબ્યુટર્સ)

નં. ૧, કલ્પના સોસાયટી,
નવરંગપુરા પોસ્ટ ઓફિસ પાછળ,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન : ૦૭૯-૬૪૨૭૨૦૦


## શ્રીમતી રેણુકા જે. પોરવાલને પી.એચ.ડીની ડીગ્રી એનાયત

શ્રીમતી રેણુકા જે. પોરવાલને ''યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિશ્વરજી મહારાજ એક અધ્યયન'' આ વિષય પર શોધ–પ્રબંધ ગુજરાતી ભાષામાં તૈયાર કરવા માટે મુંબઈ યુનિવર્સિટી દ્વારા પી.એચ.ડી.ની ડીગ્રી એનાયત કરેલ છે. તેમણે આ શોધ–પ્રબંધ મહર્ષિ દયાનંદ કોલેજ (પરેલ–મુંબઈ)ના નિવૃત્ત પ્રાધ્યાપિકા ડો. કલા એમ. શાહના માર્ગદર્શન નીચે તૈયાર કરેલ.

એમણે વલસાડ કોલેજમાંથી ૧૯૬૬માં બી.એસ.સી. અને ૧૯૯૦માં એલ.એલ.બીની ડીગ્રી મેળવેલ. ધર્મ, ઈતિહાસ અને સાહિત્યમાં પ્રથમથી જ રુચિ હોવાને કારણે આ વિષયમાં પી.એચ.ડી.ની એમની ભાવના જાગૃત થઈ.

તેઓ વલસાડવાળા સ્વ. શ્રી હિરાચંદ દુર્લભજી શાહની પુત્રી છે.

## કિંમત કેટલી?

ગ્રીષ્મ ઋતુમાં એટલે કે કેરીની સિઝનમાં સુંદર મજાની રાજાપુરી કેરી લાવો, પરંતુ એ કેરીને દબાવતાં એક તોલો પણ રસ ન નીકળે, તો તે રાજાપુરી કેરીની કિંમત કેટલી?

સુંદર મજાનું અલંકારોથી યુક્ત સુશોભિત શરીર હોય, પરંતુ એ શરીરમાં આત્મા ન હોય, તો એ શરીરની કિંમત કેટલી?

ધંધાની સિઝનમાં લાખોનો વેપાર કર્યો હોય, પરંતુ એક રૂપિયાનો પણ નફો ન હોય તો એ વેપારની કિંમત કેટલી?

એવી જ રીતે જિંદગીમાં કલાકો સુધી પ્રવચનો સાંભળ્યા હોય, પરંતુ જીવનમાં એનું જરા પણ આચરણ ન આવ્યું તો એ માનવજીવનની કિંમત કેટલી? માટે હંમેશા પ્રવચનોનું શ્રવણ કરી, થોડું પણ આચરણમાં ઉતારી જીવનને કિંમતી બનાવો.


**મેસર્સ સુપર કાસ્ટ**

૨૮૬, જી.આઈ.ડી.સી. ચિત્રા, ભાવનગર

Manutacturer's of C.I. Casting. ✆ : 445428–446598


For Private And Personal Use Only

ALANKAR



PHONE : (O) 517756; 556116

ALL KINDS OF
EXCLUSIVE FURNITURE

We Support your Back-Bone

ALANKAR FURNITURE


VORA BAZAR, NR. NAGAR POLE, BHAVNAGAR

*With Best Compliments From :*

JACOB ELECTRONICS
PVT. LTD.

Mfrs. Audio cassettes, components
and compect disc Jewel boxes.

1/2 & 3 Building, "B" Sona Udyog,
Parsi Panchayat Road,
Andheri (E), MUMBAI-400 069



Website : WWW JetJacob.com
E-mail : JetJacob@vsnl.com

Tel : 838 3646
832 8198
831 5356
Fax : 823 4747

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# * સુખનો દીવો, દુઃખનું અંધારૂં *

*સ્વ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય*

વૈભવમાં જે સુખ દેખાય છે, તે માત્ર જોનારને જ; ભોગવનારને નહિ. દીવા નીચે જેમ અંધારૂં હોય છે. એમ કહેવાતા સુખની નીચે દુઃખની કાળાશ હોય છે. જો ક્યાંય સુખની રોટલી જોવા મળે, તો તેમાં દુઃખની કાંકરીઓ પ્રાયઃ ભળેલી જ હોવાની! કોઈની પાસે અમુક વસ્તુ છે, માટે એ સુખી છે, એવું કહેવા જેવી સ્થૂલ વસ્તુ 'સુખ' નથી. સુખ–દુઃખ મનુષ્યને પ્રાપ્ત થતી જીવનની એક પરિસ્થિતિ છે. એમાં મનુષ્ય પોતે પણ એક અગત્યનું ઘટક છે, જેમ કોઈ રચનામાં સાધનો ઉપયોગી ભલે બનતાં હોય પણ કસબ તો કારીગરનો હોય છે. તેમ સુખ–દુઃખની પરિસ્થિતિમાંય માણસ ખૂબજ મોટો જવાબદાર છે.

કેટલાક લોકો સાધન–સામગ્રીમાં સુખની શોધ ચલાવે છે, પણ એ સાધનો તો પરપોટા જેવા છે. પરપોટાનું સૌન્દર્ય કેટલું બધું આકર્ષક હોય છે! પણ એ બધી સૌન્દર્ય–સૃષ્ટિ, પરપોટાને અડીએ નહિં, ત્યાં સુધી જ ટકનારી હોય છે. અડતાની સાથે જ પરપોટો અલોપ બને છે. વૈભવ, સત્તા, સાહ્યબી આ બધી લોહી નીચોવિને મેળવવા જેવી ચીજો નથી. કેમકે એ પરપોટા જેવી આકર્ષક હોવા છતાં, એટલી જ અલ્પજીવી છે. આ જરાય ભૂલવા જેવું નથી.

ચંદનના વૃક્ષો જેમ સુવાસિત હોય છે. પણ એને મેળવવા જતાં જીવ ખોવાની સ્થિતિ ઊભી થાય છે. કેમકે એની આસપાસ વિષધરોનો વાસ હોય છે. સુખની સામગ્રી બરાબર આવી જ છે. એને મેળવવા જતાં આપણા જ ભાવપ્રાણ સામે ખતરો ઉભો થઈ જાય છે.

## પુણ્યની મારકતાને તારકતા

બાહ્ય સુખ–સમૃદ્ધિની કામના, અનાત્મભાવની પોષક હોવાથી પાપ સ્વરૂપ છે. પુણ્ય કાર્ય સાથે આ પાપ ભળે છે, ત્યારે એ પુણ્ય પણ પુણ્યાનુબંધી ન બનતા, પાપનુબંધી બને છે. નાનુ પણ પુણ્ય પોતાનું શુભ ફળ અવશ્ય આપે જ છે. પરંતુ એ પુણ્ય કરતી વખતે જો એના ફળરૂપે લૌકિક–સુખની ઈચ્છા રાખવામાં આવે, તો એ પુણ્ય પોતાનું સાચું અને સંપૂર્ણ ફળ આપવા સમર્થ નથી બની શકતું. પણ ઈચ્છાનું પાપ ભળવાથી તે પાપાનુબંધી બનીને અંતે દુર્ગતિના દારૂણ દુઃખો આપનારૂં બની જાય છે. માટે પુણ્ય નિષ્કામ ભાવે જ કરવાનું વિધાન છે.

કામનાને નિદાનપૂર્વકના પુણ્યથી મળેલી બાહ્ય સુખ–સામગ્રી આ જીવને માટે, ઢીલા ગોળ પર બેઠેલી માખીઓ જેમ આરંભમાં ક્ષણિક સુખસ્વાદ આપીને અંતે આત્મઘાતક બની જાય છે. જ્યારે નિષ્કામ ભાવે પરોપકારના લક્ષથી કરેલા પુણ્યને અને તેના દ્વારા મળતી સુખ–સામગ્રીને, સાકરના ગાંગડા પર બેઠેલી માખીની ઉપમા આપી શકાય.

સાકરના ગાંગડા પર બેઠેલી માખી સાકરના રસાસ્વાદને લઈને અંતે ઈચ્છા મુજબ ઉડી જવાની સંપૂર્ણ ક્ષમતા ધરાવે છે. જ્યારે ઢીલા ગોળ પર બેઠેલી માખી એટલો બધો રસાસ્વાદ પણ પામી શકતી નથી અને મૃત્યુનું દુઃખ એને માટે અનિવાર્ય બની જતું હોય છે. માટે પુણ્યકાર્ય કરતી વખતે કેવળ કર્મક્ષય અને પાપક્ષયની જ ઈચ્છા રહે, કોઈપણ જાતની ભૌતિક લાલસા એમાં ભળી ન જાય, એની તકેદારી રાખવી અતિ આવશ્યક છે.

*('ચૂંટેલું ચિંતન' પુસ્તકમાંથી સાભાર)*

For Private And Personal Use Only

 ❑ RNI No. GUJGUJ/2000/4488 ❑ Regd. No. GBV 31

न कार्यं क्रोधसिद्धेऽपि सुष्ठुत्वमनुबध्यते ।
रोषावेशात् ततः श्रेयानुदात्तत्वस्य संश्रयः ।।

卐

ક્રોધથી કાર્ય બની જાય તો યે તેમાં સારપનો સંબંધ કેટલો ? માટે રોષાવેશ કરતાં ઉદાત્તપણું ધારણ કરવું એ વધારે ઠીક છે. ૧૨

卐

There is no fragrance in the fulfilment of an object if it is done by anger. To resort to generosity is far better than to be subject to the excitement of anger. 12

*(કલ્યાણભારતી ચેપ્ટર-૮, ગાથા-૧૨, પૃષ્ઠ-૧૦૭)*

卐

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
C/o. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૫૨૧૬૯૮

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
મુદ્રક અને પ્રકાશક : 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'